
# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૦ * અંક-૯ * મે, ૨૦૧૬




ઉમરાળા ધામમાં રત્નોની વર્ષા,
જન્મ્યા તારણહાર રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે.



ભરતે શ્રીકુંદકુંદ-માર્ગ-પ્રભાવક
અધ્યાત્મસંત શિરતાજ રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે.

## ૧૨૭મો જન્મ મહોત્સવ



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● હે જીવ ! પોતાની પ્રશંસાનો હંમેશા ત્યાગ કરો. પોતાની પ્રશંસા વડે પોતાના યશનો વિનાશ ન કરો. પોતાની પ્રશંસા કરવાવાળો પુરુષ લોકમાં તૃણવત્ તુચ્છતા પામે છે. (ગાથા-૩૬૪)

જેમ ફટકડી વડે દૂધ ફાટી જાય છે તેમ વિદ્યમાન ગુણો પણ પોતાના મુખથી કહેવાથી નાશ પામે છે. જેનામાં કોઈ દોષ ન હોય પણ પોતાના મુખથી પોતાની પ્રશંસા કરવી તે જ સૌથી મોટો દોષ છે. પોતાના મુખથી પોતાની બડાઈ કરવા સમાન મોટો કોઈ દોષ નથી. (ગાથા-૩૬૫)

પોતાની પ્રશંસા નહિ કરવાથી પોતાનો વિદ્યમાન ગુણ નષ્ટ થઈ જતો નથી. જેમ પોતાની પ્રશંસા નહિ કરતાં એવા સૂર્યનું તેજ જગતમાં પ્રસિદ્ધ છે.(ગાથા-૩૬૬)

આત્મ–પ્રશંસા કરવાથી, જે ગુણ પોતામાં નથી તે પ્રગટ થઈ જતો નથી. જેમ સ્ત્રીની માફક શ્રૃંગાર હાવભાવ વિલાસ વિભ્રમ કરતો નપુંસક, નપુંસક જ છે. સ્ત્રીની માફક આચરણ કરવાથી સ્ત્રી થઈ શકતો નથી–નપુંસક જ રહે છે. (ગાથા-૩૬૭)

સજ્જન પુરુષનો એવો સ્વભાવ છે કે તેના વિદ્યમાન ગુણની કોઈ પ્રશંસા કરે ત્યારે તે સજ્જન પુરુષ લજ્જા પામે છે. તો પોતે જ પોતાની પ્રશંસા કેવી રીતે કરે ? ન જ કરે. (ગાથા-૩૬૮)

ગુણ રહિત પુરુષ પણ જો સજ્જનોની મધ્યમાં પોતાની પ્રશંસા કરતો નથી તો સજ્જનોની મધ્યમાં તે ગુણવાન ગણાય છે. કારણ કે પોતાની પ્રશંસા ન કરવી એ જ પ્રગટ ગુણ છે. (ગાથા-૩૬૯)

વચન વડે પોતાના ગુણોનું વર્ણન કરવું એ જ પોતાના ગુણનો વિનાશ છે તથા વચન વડે તો પોતાના ગુણ ન કહે પણ આચરણ વડે પોતાના ગુણ કહેવા તે ગુણોનું પ્રગટ કરવું જાણવું. (ગાથા-૩૭૦)

જે પુરુષ સજ્જનોમાં પોતાના ગુણ વચન વડે કહેતો નથી પણ આચરણ વડે કહે છે તે પુરુષ આ જગતમાં પુરુષોમાં મુખ્ય બને છે. (ગાથા-૩૭૧)

ગુણવાન પુરુષોની મધ્યે ગુણવાન પુરુષ પોતાના ગુણ વચન વડે કહે છે તો તે લઘુ થઈ જાય છે અને પોતાના ગુણ વચન વડે જે કહેતો નથી તે નિર્ગુણ હોય તોપણ ગુણવાન બને છે. (ગાથા-૩૭૨)

ગુણ સહિત પુરુષ ગુણવંત પુરુષોની મધ્યે આચરણ વડે ગુણ પ્રસિદ્ધ કરતાં શોભે છે. વચન વડે પોતાની બડાઈ કરતાં શોભતો નથી. ૧૫૪૮.

(શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા-૩૬૪-૩૭૩)

વર્ષ–૧૦
અંક–૮




વિ. સંવત
૨૦૭૧
MAY
A.D. 2016

અણહેતુક મહાન ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રી
કાનજીસ્વામીની ૧૨૭મી જન્મજયંતી પ્રસંગે તેમના

## ઉપદેશ–રત્નાકરમાંથી વીણેલા રત્નો

- પર્યાયની સ્વતંત્રતા જેને બેસે નહિ તેને દ્રવ્ય-ગુણ કે જે અવ્યક્ત શક્તિ સ્વભાવ છે તેની સ્વતંત્રતા બેસી શકે જ નહિ, વર્તમાન અંશ સ્વતંત્ર છે એ જેને બેસે તેને જ દ્રવ્યની સ્વતંત્રતા બેસી શકે છે.
- ભગવાન તો કહે છે કે જેને ચૈતન્ય આત્માનું ભાન નથી, પૂર્ણાનંદનો નાથ અંદરમાં બિરાજે છે તેની જેને શ્રદ્ધા નથી એ બધા ચાલતાં મડદા છે, અને તેના વ્રત-તપ આદિ બધુ મુર્ખાઈ ભરેલા છે, અને જેને પૂણાનંદ ભગવાનની શ્રદ્ધા છે, જ્ઞાન છે, ભાન છે એ સંસારમાં રહ્યાં પણ ચાલતા સિદ્ધ છે.
- આ લોક આખો ભગવાન સમૂહથી ભરેલો ગોદામ છે. દરેક જીવ સ્વભાવે ભગવાન છે. દેહ દેવળમાં ભગવાન જિનેન્દ્રદેવ બિરાજે છે.
- સમયસાર સૂર્ય છે, તેના તેજ આગળ કોઈ ખામી રહે નહીં. અજોડ સૂર્ય છે. શાંતિથી વિચાર કરે તો ખબર પડે ! અરે ! આ ભવ ટાળવાના ટાણા છે દુનિયા શું કહેશે તે ન જો.
- અહા ! સમ્યગ્દર્શન થતાં આત્માના પ્રદેશે પ્રદેશે આનંદનો જન્મ થાય છે. અસંખ્ય પ્રદેશો આનંદથી ઉછળે છે, આનંદનું જન્મધામ નિજ પરમાત્મતત્ત્વ તે જ સમ્યગ્દર્શનનું કારણ છે.

**—આ મૂળગુણ શ્રમણો તણા જિનદેવથી પ્રજ્ઞપ્ત છે,**
**તેમાં પ્રમત્ત થતાં શ્રમણ છેદોપસ્થાપક થાય છે. ૨૦૯.** **–શ્રી પ્રવચનસાર**

● જેને પુણ્યની મીઠાશ હશે તેને આત્માની મીઠાશ નહિ આવે. પુણ્ય એટલે કષાયભાવ કહો કે ઝેર કહો, તે ઝેર આત્માને હણી નાખે છે. પુણ્યભાવ આત્માને હણનારો છે તેથી પુણ્યની મીઠાશવાળાને આત્માની મીઠાશ નહિ આવે.

● તારા સ્વભાવસાગરની અશાતના ન થાય અને આરાધના થાય તેની આ વાત છે. આત્મામાં એક એક ગુણની અનંતી શક્તિ શુદ્ધ છે. એવા અનંત અનંત ગુણોની શુદ્ધતાનો આશ્રય જે પરિણતિ લ્યે છે તે પરિણતિને શુદ્ધત્વ પરિણમન કહે છે, તેને આત્માની આરાધના કહે છે.

● આત્મા સમજવા માટે જેને અંતરમાં ખરેખરી ધગશ અને તાલાવેલી જાગે તેને અંતરમાં સમજણનો માર્ગ થયા વિના રહે જ નહીં. પોતાની ધગશના બળે અંતરમાં માર્ગ કરીને તે આત્મસ્વરૂપને પામે જ.

● જેમ કેવળી ભગવાન પરના કર્તા કે ભોક્તા નથી માત્ર જાણનાર જ છે, તેમ સમ્યગ્દૃષ્ટિ પણ પરના કર્તા કે ભોક્તા નથી માત્ર જાણનાર જ છે. રાગ આવે છે તેનો પણ જાણનાર જ છે અસંખ્ય પ્રકારના શુભભાવ છે તે સહજ છે, તેનો કર્તા જીવ નથી જે વખતે જે પ્રકારનો રાગ આવે છે તે પ્રકારના સંયોગ તરફ તેનું લક્ષ જાય છે તેનો જાણનાર છે.

● વ્રત તપ જપથી આત્મપ્રાપ્તિ થશે–તે જેમ શલ્ય છે, તેમ શાસ્ત્ર અભ્યાસથી આત્મા પ્રાપ્ત થશે એવી જેને માન્યતા છે તે પણ શલ્ય છે. આત્મવસ્તુ તરફ દૃષ્ટિ કરતાં જ આત્મપ્રાપ્તિ થાય છે.

● અનંતા પ્રતિકૂળ દ્રવ્યો આવી પડે તેનાથી આત્મા હલ્યો હલે નહિ, તીવ્રમાં તીવ્ર આકરા અશુભ પરિણામો થાય તેનાથી પણ ધ્રુવ આત્મા હલ્યો હલે નહિ, અને એક સમયની પર્યાયથી પણ આત્મા હલ્યો હલે નહિ. એવા અગાધ સામર્થ્યવાળો ધ્રુવ આત્મા છે, તેને લક્ષમાં લેવાથી ભવભ્રમણ છૂટે એવું છે.

● મને બહારનું કાંઈક જોઈએ તેમ માનનાર ભીખારી છે, મને મારો આત્મા જ જોઈએ તેમ માનનાર બાદશાહ છે. આત્મા અચિંત્ય શક્તિનો ધણી છે, જે ક્ષણે જાગે તે જ ક્ષણે જાગતી જ્યોત આનંદસ્વરૂપ અનુભવમાં આવી શકે છે.

જે લિંગગ્રહણે સાધુપદ દેનાર તે ગુરુ જાણવા;
છેદદ્વયે સ્થાપન કરે તે શેષ મુનિ નિર્યાપકા. ૨૧૦. –શ્રી પ્રવચનસાર

● નિજસ્વરૂપ છે તે જ તીર્થસ્વરૂપ છે, તેમાં જતાં જે પર્યાય પ્રગટ થાય છે તે મોક્ષમાં જવાનો ઉપાય છે.

● ઝવેરી હીરાની પરીક્ષા કરે છે, તેમ સમ્યગ્દષ્ટિ ચૈતન્યહીરાની પરીક્ષા કરે છે કે મારા ચૈતન્યહીરામાં સંસાર જ નથી.

● શુભાશુભભાવથી બચવાનો ઉપાય એ છે કે આત્મામાં એ શુભાશુભ ભાવો છે જ નહિ—એવી દૃષ્ટિ કરવી.

● પહેલા ચારિત્રદોષ ટાળવાનો પ્રયત્ન કરે છે તે કરતાં પહેલાં દર્શનશુદ્ધિ માટે પ્રયત્ન કર ! દૃષ્ટિમાં વિકલ્પનો ત્યાગ કરતો નથી અને બહારના ત્યાગ કરી બેસે છે તે મિથ્યાત્વના જ પોષણનું કારણ છે.

● પશુની વિષ્ટાના પોદળા (છાણ) મળતા ગરીબ સ્ત્રીઓ ખુશી ખુશી થઈ જાય છે અને ધન વૈભવ મળતા શેઠીયાઓ ખુશી થઈ જાય છે, પણ વિષ્ટાના પોદળા અને ધનાદિમાં કાંઈ જ ફેર નથી, એકવાર આત્માના નિધાનને દેખે તો બહારના નિધાનોની નિર્મૂલ્યતા ભાસે.

● ભાઈ ! તને પ્રાપ્ત કરવા માટે તારી શ્રુતજ્ઞાનની પર્યાય જ બસ છે. બીજું આ કરું ને તે કરું તે વાત જ નથી. આ તો સહેલીસટ વાત છે. અંતરના પ્રેમ દ્વારા (રુચિ દ્વારા) એ જ્ઞાનને અંતરમાં વાળતાં એ પર્યાયને દ્રવ્યનું આલંબન મળે છે, ને આનંદના શ્રોત વહે છે.

● દેવ-ગુરુ-શાસ્ત્ર એમ કહે છે કે ભાઈ ! તારી મહિમા તને આવે તેમાં અમારી મહિમા આવી જાય છે. તારો તને મહિમા આવતો નથી. તો તને અમારો પણ ખરેખર મહિમા આવ્યો નથી, અમને તે ઓળખ્યા નથી.

● આત્મા જ્યાં અંદરથી ઉછળ્યો પછી મન મોળું પડે તોપણ ઉછળવું બંધ ન પડે, ઈન્દ્રિયો શિથિલ થાય તોપણ ઉછળવું બંધ ન પડે, શરીર મોળું પડે તોપણ ઉછળવું બંધ ન પડે. આત્મા જ્યાં મધ્યબિંદુમાંથી ઉછળ્યો પછી તેને રોકવા જગતનો કોઈ પદાર્થ સમર્થ નથી.

● સર્પના બચ્ચાને તેની માનું જ્ઞાન છે તેથી તે સર્પથી ડરે નહી. સિંહના બચ્ચાને તેની

**જો છેદ થાય પ્રયત્ન સહ કૃત કાયની ચેષ્ટા વિષે,**
**આલોચનાપૂર્વક ક્રિયા કર્તવ્ય છે તે સાધુને. ૨૧૧. —શ્રી પ્રવચનસાર**

માનું જ્ઞાન છે તેથી સિંહનું બચ્ચું સિંહથી ડરે નહી. તેમ જ્ઞાન તેને કહી કે જેનાથી નીડરતા અને નિર્ભયતા આવે, તે ક્યારે આવે ?–કે જ્યારે શુદ્ધાત્માનું સાચું જ્ઞાન થાય ત્યારે.

- ભાઈ ! તું પોતે જ ભગવાન છો, દેહદેવળમાં બિરાજતો પરમાત્મા છો, ભગવાન તે જ હું અને હું તે જ ભગવાન–એવી દૃષ્ટિ થયા વિના કોઈને સમ્યગ્દર્શન ત્રણકાળ ત્રણલોકમાં થાય નહી.
- જડ-ઈન્દ્રિયનું લક્ષ છોડે, ભાવ-ઈન્દ્રિયનું લક્ષ છોડે, અને ઈન્દ્રિયના વિષયો જે દેવ-ગુરુ આદિ તેનું લક્ષ છોડે અને ત્રિકાળી સ્વભાવનું લક્ષ કરે ત્યારે તેણે ઈન્દ્રિયને જીતી કહે છે. પર્યાયથી, નિમિત્તથી અને વિષયથી ભિન્ન વર્તે છે તેવા જ્ઞાનને મોક્ષનો માર્ગ કહે છે.
- જીવની દયા પાળવાના ભાવને લોકો જૈનના સંસ્કાર માને છે પણ તે જૈનના સાચા સંસ્કાર નથી, જૈનના સાચા સંસ્કાર તો રાગથી ભિન્ન ચૈતન્યને માનવો તે જૈનના સાચા સંસ્કાર કહેવાય. 'જિન સોહી હૈ આત્મા, અન્ય સોહી હૈ કર્મ, એ હી વચનસે સમજલે જિન પ્રવચનકા મર્મ.'
- અરીસાની વર્તમાન અવસ્થામાં જળ, કોલસા, બરફ, અગ્નિ, સર્પ આદિ જણાય છે, તે અવસ્થા જેટલો જ જે માને છે તે, અવસ્થા બદલાતા તેની પાછળ દળ રહી જાય છે તેને માનતો નથી. તેમ એક સમયની અવસ્થા જેટલો જ આત્માને માનનાર જ્ઞેય બદલાતા જ્ઞાનની અવસ્થા બદલી જાય છે, ત્યાં હું નાશ થઈ ગયો તેમ માને છે, પણ તે જ્ઞાન પર્યાય બદલાવા છતાં જ્ઞાનસ્વભાવદળ તેની પાછળ જેવું ને તેવું પડ્યું જ છે તેને અજ્ઞાની માનતો નથી.
- જેમ આકાશમાં તારાઓ છે તે પાણીમાં પ્રતિબિંબિત થતાં પાણીને દેખતાં તારા દેખાય છે. પાણીમાં એ તારા નથી પણ પાણીની સ્વચ્છ પર્યાય છે. તેમ કેવળજ્ઞાનની પર્યાય પોતાને જાણતાં તે પર્યાયમાં લોકાલોક પ્રતિબિંબપણે જણાય જાય છે. લોકાલોકને જાણવા જવું પડતું નથી પણ પોતાને જાણતાં જ જણાઈ જાય છે.

**છેદોપયુક્ત મુનિ, શ્રમણ વ્યવહારવિજ્ઞ કને જઈ,**
**નિજ દોષ આલોચન કરી, શ્રમણોપદિષ્ટ કરે વિધિ. ૨૧૨.** **–શ્રી પ્રવચનસાર**




# આત્માનો સ્વભાવ



(શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)
(તા. ૧-૫-૪૪, સોમવાર) વ્યાખ્યાન નં. ૧૨
(ગાથા ૧૧-૧૨ ચાલુ)

(અનુષ્ટુપ)

**परिग्रहाग्रहं मुक्त्वा कृत्वोपेक्षां च विग्रहे।**
**निर्व्यग्रप्रायचिन्मात्र--विग्रहं भावयेद् बुधः ।।**

આત્માનું ભાન થયા પછી વિશેષ સ્થિરતાદ્વારા જેને મુનિપણું આવ્યું હોય એવા બુદ્ધિમાન પ્રાણી પરિગ્રહનો આગ્રહ છોડીને નિરાકુળ ચૈતન્યમાત્ર શરીરની ભાવના કરે છે. આગ્રહને છોડે નહીં તો મુનિપણું આવે નહીં; તેથી આગ્રહ અને હઠ છોડીને તથા દેહ ઉપર પણ ઉપેક્ષા બુદ્ધિ કરીને, શરીરનો રાગ એટલે આસક્તિ છોડીને એકલો આત્મા અખંડ નિરાકુળ સ્વરૂપ છે તે જ જ્ઞાન શરીર છે, તેની ભાવનાથી મુનિદશા પ્રગટે છે.

(શાર્દૂલવિક્રીડિત)

**शस्ताशस्तसमस्तरागविलयान्मोहस्य निर्मूलनाद्**
**द्वेषाम्भः परिपूर्णमानसघटप्रध्वसनात्पावनम् ।**
**ज्ञानज्योतिरनुत्तमं निरुपधि प्रव्यक्ति नित्योदितं**
**भेदज्ञानमहीजसत्फलमिदं वन्द्यं जगन्मंगलम् ।।**

પ્રથમ હું જ્ઞાનમૂર્તિ છું એવું ભાન અને ઓળખાણ થયા પછી શુભ-અશુભ બન્ને ભાવોને છોડીને તે જ્ઞાનમૂર્તિ આત્મામાં સ્થિર થાય તો મોક્ષદશા પ્રગટે. એકલું સમ્યગ્દર્શન મોક્ષનું સાક્ષાત્ કારણ નથી, પણ સાચી શ્રદ્ધા-સાચું જ્ઞાન અને સાચી સ્થિરતા તે જ વ્યવહારે મોક્ષનું કારણ છે, પરમાર્થે મોક્ષનું કારણ અખંડ દ્રવ્ય છે.

ચૈતન્યજ્યોત સ્વભાવની શ્રદ્ધા અને સ્થિરતા થતાં રાગ છૂટી જાય છે, અને દ્વેષરૂપી જળથી ભરેલ મનરૂપી ઘડો ફૂટી જાય છે, તે જ ચારિત્ર છે અને તે જ મોક્ષનું કારણ છે.

**પ્રતિબંધ પરિત્યાગી સદા અધિવાસ અગર વિવાસમાં,**
**મુનિરાજ વિહરો સર્વદા થઈ છેદહીન શ્રામણ્યમાં. ૨૧૩.** **–શ્રી પ્રવચનસાર**

## શ્રી મહાવીરભગવાન કેવળકલ્યાણક મંગળદિન.

ગાથા ૧૧-૧૨ ચાલુ.

અહીં આત્માના પૂર્ણ સ્વરૂપની વાત કરે છે. આત્મા જ્ઞાનજ્યોતિ છે; તે જ્ઞાનજ્યોતિ કેવી હોય તે કહે છે. જેમ અગ્નિ ઊષ્ણતાની જ્યોત છે, ઊષ્ણતા તેનું સ્વરૂપ છે, પણ કાજળી, ધૂમાડાની કાળાશ કે લાકડાં તે અગ્નિનું મૂળ સ્વરૂપ નથી; તેમ આત્મા જ્ઞાનની જ્યોત છે, જ્ઞાન તેનું સ્વરૂપ છે; શરીર, મન, વાણી આદિ લાકડાં કે પુણ્ય-પાપના ભાવ આત્માનું સ્વરૂપ નથી, આત્મા તો જ્ઞાનનો રસકંદ છે, જાણવું એ જ તેનું સ્વરૂપ છે.

પ્રશ્ન :—પહેલો ધર્મ કયો?

ઉત્તર :—શરીર, પૈસા, સ્ત્રી, પુત્રાદિ તે હું નહીં; તથા દયા દાનાદિ શુભભાવ કે હિંસા ચોરી આદિ ના અશુભ ભાવ તે બન્ને ભાવ વિકાર છે, મારું સ્વરૂપ નથી; મારું સ્વરૂપ પરથી નિરાળું પવિત્ર છે એમ ચૈતન્યજ્યોતિસ્વરૂપી આત્માની ભાવના ભાવતાં ભાવતાં, પરથી પોતાને જુદો પાડતાં પાડતાં ભેદજ્ઞાનરૂપી વૃક્ષ થાય છે તે જ પહેલો ધર્મ છે; અને તે ભેદજ્ઞાનરૂપી વૃક્ષમાંથી જ કેવળજ્ઞાન-પૂર્ણદશારૂપી ફળ આવે છે; આમાં મોક્ષમાર્ગ અને મોક્ષ બન્ને બતાવ્યા.

ચૈતન્ય એટલે હું જાણવાના તત્ત્વથી જ ભર્યો છું એવા સાચા જ્ઞાનદ્વારા ભેદજ્ઞાનરૂપી વૃક્ષમાંથી જ કેવળજ્ઞાનરૂપી સાચું ફળ આવે છે—કેવળજ્ઞાન પ્રગટે છે, આમાં બે ન્યાય આવે છે.

(૧) શરીર, મકાન, પૈસા આદિ તો જડ છે અને દયા, દાન, ભક્તિ, પ્રભાવના આદિ શુભ કે હિંસા, વિષય, કષાય, ચોરી આદિ અશુભ ક્રિયા કરવાના વિકારી ભાવ તે આત્માનો ધર્મ નથી. (૨) આત્મા પરથી નિરાળો પરિપૂર્ણ છે એમ ભેદજ્ઞાનદ્વારા જુદો પાડતાં તે ભેદજ્ઞાનરૂપી વૃક્ષમાંથી કેવળજ્ઞાનરૂપી સાચું ફળ પ્રગટે છે.

શરીર, મન, વાણી તો હું નહીં પણ દિલગીરી કે હર્ષ વગેરેની લાગણી થાય તે પણ હું નહીં, હું તો જ્ઞાન છું એમ પરથી પોતાને જુદા પાડવાની ભાવનામાં ભેદજ્ઞાનરૂપી વૃક્ષ થયું અને તે ભેદજ્ઞાનનું ફળ તે જ કેવળજ્ઞાન છે, પુણ્ય-પાપ આદિ કોઈ ભેદજ્ઞાનરૂપી વૃક્ષનું ફળ નથી.

**જે શ્રમણ જ્ઞાન-દ્રગાદિકે પ્રતિબદ્ધ વિચરે સર્વદા,**
**ને પ્રયત મૂળગુણો વિષે, શ્રામણ્ય છે પરિપૂર્ણ ત્યાં. ૨૧૪. —શ્રી પ્રવચનસાર**

ભેદજ્ઞાન એટલે પરથી જુદાપણાનો નિરંતર અભ્યાસ—પંચમહાવ્રતના ભાવ, કે તીર્થંકરગોત્ર જે ભાવે બંધાય તે ભાવ પણ રાગ છે, તેનાથી હું જુદો છું, તે મારા સ્વભાવથી જુદાં છે—એમ ભેદજ્ઞાન કરતાં કરતાં કેવળજ્ઞાનરૂપી ફળ પ્રગટે છે. ભેદજ્ઞાનમાં સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે સમાઈ જાય છે; ભેદજ્ઞાન થયા પછી, પૂર્ણદશા ન થાય ત્યાંસુધી વિકલ્પ થાય પણ તે મારું સ્વરૂપ નથી એવું ભાન હોય. જેમ અગ્નિની જ્યોતમાં ધૂમાડો કે કાજળી થાય તે અગ્નિનું સ્વરૂપ નથી, પણ વિકાર છે, દોષ છે તેમ આત્મા જ્ઞાનની જ્યોતિ છે તેમાં પુણ્ય-પાપ થાય તે વિકાર છે, તે આત્માનું મૂળ સ્વરૂપ નથી, એમ ભેદજ્ઞાનથી આત્માને જુદો પાડતાં પાડતાં કેવળજ્ઞાન પ્રગટે તે જ સાચું ફળ છે.

આ જીવાધિકારમાં જીવતત્ત્વની વાત ચાલે છે; બાર ગાથા સુધી તેનું વર્ણન કર્યું, હજી આગળની પંદર વગેરે ગાથામાં તેની બહુ સરસ અને ઝીણી વાત આવશે.

ચૈતન્યના વર્તમાન પરિણામ ધ્રુવરૂપ પરિપૂર્ણ છે તેની ભાવના ભાવતાં ભાવતાં સાચું ભેદજ્ઞાન થાય છે અને તે ભેદજ્ઞાનરૂપી વૃક્ષમાંથી કેવળજ્ઞાનરૂપી સાચું ફળ પ્રગટે છે. ભેદજ્ઞાનરૂપી વૃક્ષનું સાચું ફળ તે જ કેવળજ્ઞાન છે. ભગવાન તીર્થંકર ત્રિલોકપરમાત્મા મહાવીર ભગવાનને આ ભેદજ્ઞાન સાડાબાર વર્ષ સુધી નિરંતર ભાવતાં ભાવતાં આજથી ૨૫૦૦ વર્ષ પહેલા વૈશાખ સુદ ૧૦ ના રોજ કેવળજ્ઞાન પ્રગટ્યું હતું. મહાવીર ભગવાનને કેવળજ્ઞાન થયું અને ઈન્દ્રોએ ધર્મસભાની (સમવસરણની) રચના કરી, પરંતુ ગણધરપદવીને યોગ્ય લાયક પ્રાણી ધર્મસભામાં હાજર નહીં હોવાથી છાસઠ દિવસ સુધી વાણી ન છૂટી. ત્યારબાદ અષાડ વદ એકમના રોજ ગૌતમ (ઈન્દ્રભૂતિ) જે ગણધરપદને લાયક હતા તે ધર્મસભામાં આવતાં દિવ્યવાણી છૂટી. ભગવાનને કેવળજ્ઞાન પ્રગટ્યું તે વૈશાખ સુદ ૧૦ નો માંગળિક દિવસ આજે છે.

ભગવાન પરમાત્મા દેવાધિદેવ મહાવીર સ્વામી જેનું શાસન હાલ વર્તે છે તેમને આજની તિથિએ કેવળજ્ઞાન પ્રગટ્યું હતું, જેઓ ભગવાન થાય છે એટલે કે જેમને પૂર્ણ સ્વરૂપ પ્રગટે છે તે બધાને કેવળજ્ઞાન થાય જ. વર્તમાનમાં મહાવિદેહક્ષેત્રમાં ધર્મસભામાં દેહસહિત શ્રી સીમંધર ભગવાન અરહંતપદે બિરાજમાન છે, તેમને લાખો વર્ષ પહેલાં કેવળજ્ઞાન પ્રગટ્યું છે અને તેઓ દેહસહિત હજી અબજો વર્ષ રહેશે. આ બધી મોટી

**મુનિ ક્ષપણ માંહી, નિવાસસ્થાન, વિહાર વા ભોજન મહીં,**
**ઉપધિ-શ્રમણ-વિકથા મહીં પ્રતિબંધને ઇચ્છે નહીં. ૨૧૫. –શ્રી પ્રવચનસાર**

વાત કોઈને નાના કાળજામાં ન બેસે તો શું થાય? વાત તો આ જ ત્રિકાળ સત્ય છે. વર્તમાનમાં સીમંધર ભગવાનને કેવળજ્ઞાન છે, અને જેટલા ભગવાન થાય છે તે બધાને કેવળજ્ઞાન પ્રગટે છે, તે કેવળજ્ઞાન બહારથી પ્રગટતું નથી પણ અંદર પરિપૂર્ણ સ્વભાવની ભાવના ભાવતાં ભાવતાં તે ભાવનારૂપી વૃક્ષમાંથી કેવળજ્ઞાનરૂપી સાચું ફળ પ્રગટે છે. પૂર્ણ ન થાય ત્યાં વચ્ચે શુભરાગ આવી જાય પણ તે ભાવના–વૃક્ષનું ફળ નથી. ભાવના-વૃક્ષનું ફળ તો પૂર્ણદશા છે. ધન્ય તે કાળ, ધન્ય તે દિવસ, ધન્ય એ પળ! કે જે વખતે પૂર્ણદશા પ્રગટી તે પ્રગટી, તે કદી તૂટે નહીં અને સાદિ–અનંત કાળ ટકી રહે! હું પરિપૂર્ણ નિર્મળ શુદ્ધઆત્મા છું એવું ભાન થતાં, નિર્મળદશાનો જે અનુભવ થયો તે વધતાં વધતાં મારી કેવળ–જ્ઞાનજ્યોતિ એટલે પૂર્ણ અવસ્થા જે સમયે, જે પળે, જે દિવસે, જે ક્ષેત્રે પ્રગટ થશે તેને ધન્ય છે; હું એવી જ્ઞાનજ્યોતિને નમસ્કાર કરું છું, એમ આચાર્ય મહારાજ ભાવના કરે છે.

પહેલી જ ગાથામાં અસાધારણ મંગળિકથી શરૂ કર્યું છે. સંસારમાં દીકરો પરણે, ઘરનું વાસ્તુ હોય એ બધા મંગળિક મનાય છે–પરંતુ એ તો નાશવાન છે, તે મંગળિકની પાછળ ચોરાશીનું દુઃખ પડ્યું છે, અને વર્તમાન પણ દુઃખ જ છે. પણ આ તો અસાધારણ મંગળિક છે, આ મંગળિકમાં વર્તમાન સુખ છે અને તેની પાછળ સિદ્ધદશા પડી છે; તેના જેવું કોઈ મંગળિક નથી. હું આત્મા એક સમયમાં ધ્રુવ, ત્રિકાળ એકરૂપ ઉપયોગથી પરિપૂર્ણ છું એવી ભાવના ભાવતાં પરભાવથી પોતાને જુદો પાડતાં પાડતાં પરિપૂર્ણ જુદો પડી ગયો તે કેવળજ્ઞાન થયું, એ જ પરિપૂર્ણ મંગળિક છે.

જેમ અગ્નિનું સ્વરૂપ ઉષ્ણતા છે, તે ઉષ્ણતાની જ્યોત છે, તેમાં ધૂમાડાને કારણે કાળાશ દેખાય તે અગ્નિનું મૂળસ્વરૂપ નથી, લાકડાં પણ તેનું સ્વરૂપ નથી, લાકડાં અને ધૂમાડાથી જુદી પાડતાં એકલી ઉષ્ણતા રહી ગઈ તે જ અગ્નિ છે; તેમ શરીરાદિ લાકડાં છે તે આત્માનું સ્વરૂપ નથી, અને પુણ્ય-પાપના વિકારરૂપી જે કાળાશ થાય છે તે પણ આત્માનું સ્વરૂપ નથી. આત્માનું સ્વરૂપ તો એકલી જ્ઞાનજ્યોત છે–એમ ભેદજ્ઞાનવડે પરથી પોતાને જુદો પાડતાં કેવળજ્ઞાનરૂપી સાચું ફળ પ્રગટ્યું તેને જ હું નમસ્કાર કરું છું–એમ આચાર્યભગવાને કેવળજ્ઞાનની ભાવના કરી છે. *(ક્રમશઃ)*

આસન-શયન-ગમનાદિકે ચર્યા પ્રયત્નવિહીન જે,
તે જાણવી હિંસા સદા સંતાનવાહિની શ્રમણને. ૨૧૬. –શ્રી પ્રવચનસાર



# વૈરાગ્ય–ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

કાળ પરિભ્રમણની વાત કરે છે.

**उवसप्पिणिअवसप्पिणिपढमसमयादिचरमसमयंतं ।**
**जीवो कमेण जम्मदि मरदि य सव्वेसु कालेसु ॥६६॥**

**અર્થ :—**ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળના પ્રથમ સમયથી માંડીને અંતના સમય સુધી આ જીવ અનુક્રમપૂર્વક સર્વકાળમાં ઊપજે તથા મરે છે (તે કાળ-પરાવર્તન છે). ૬૯.

એક પલ્યોપમમાં અસંખ્ય અબજો વર્ષ ચાલ્યા જાય એવા દસ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગર થાય છે ને દસ ક્રોડાક્રોડી સાગરોપમનો એક ઉત્સર્પિણી કાળ છે ને એટલો જ અવસર્પિણીનો કાળ છે. તેના પ્રથમ સમયથી માંડીને અનંતા સમય સુધીના સર્વ કાળમાં જીવ ઉપજ્યો છે ને મર્યો છે.

ભાવાર્થ :—કોઈ જીવ દસ ક્રોડાક્રોડી સાગરનો જે ઉત્સર્પિણી કાળ એટલે ચડતો કાળ તેના પ્રથમ સમયમાં જન્મ પામે પછી બીજા ઉત્સર્પિણીના બીજા સમયમાં જન્મે એ પ્રમાણે ત્રીજા ઉત્સર્પિણીના ત્રીજા સમયમાં જન્મે એ પ્રમાણે અનુક્રમપૂર્વક અનંતા સમય સુધી જન્મે. વચ્ચે અન્ય સમયોમાં અનુક્રમરહિત જન્મે તેની અહીં ગણતરી નથી. એક ઉત્સર્પિણીના દસ ક્રોડાક્રોડી સાગર છે. તેના અસંખ્ય સમયો છે. તે સમયો ઉપર કહ્યા પ્રમાણે પૂરા કરવા માટે અનંત ભવ થાય છે.

એ જ પ્રમાણે અવસર્પિણી કાળ (હલકા કાળ)ના પહેલા સમયે જન્મે પછી બીજા અવસર્પિણીકાળના બીજા સમયમાં જન્મે એ પ્રમાણે અનુક્રમપૂર્વક અંતના સુધી જન્મે. વચ્ચે અન્ય સમયોમાં અનુક્રમરહિત જન્મે તેની અહીં ગણતરી નથી, આમ એક અવસર્પિણીના દસ ક્રોડાક્રોડી સાગર અનુક્રમે પૂર્ણ કરે તેમાં અનંતા ભવો થાય છે. કાળમાં અનુક્રમપૂર્વક જન્મે ને મરે તેને એક કાળપરાવર્તન કહે છે. તેમાં પણ અનંતકાળ થાય છે.

આગળ ભવ પરાવર્તન કહે છે.

**જીવો-મરો જીવ, યત્નહીન આચાર ત્યાં હિંસા નક્કી;**
**સમિતિ-પ્રયત્નસહિતને નહિ બંધ હિંસામાત્રથી. ૨૧૭. –શ્રી પ્રવચનસાર**

णेरइयादिगदीणं अवरट्ठिदिदो वरट्ठिदी जाव ।
सव्वट्ठिदिसु वि जम्मदि जीवो गेवेज्जपज्जंतं ॥७०॥

**અર્થ**:—સંસારી જીવ, નરકાદિ ચાર ગતિની જઘન્ય સ્થિતિથી માંડીને ઉત્કૃષ્ટ સ્થિતિ સુધી સર્વ સ્થિતિઓમાં ગ્રૈવેયક સુધી જન્મે છે. ૭૦.

ભાવાર્થ :—માંસ ખાનારા, દારૂ પીનારા વગેરે તીવ્ર પાપ કરનારા નરકમાં જાય છે. નરકગતિની જઘન્યસ્થિતિ દસ હજાર વર્ષની છે. તેના જેટલા સમય છે તેટલીવાર તો જઘન્યસ્થિતિનું આયુષ્ય ધારણ કરે એટલે કે અસંખ્યવાર એવા જન્મ કરીને દસ હજાર વર્ષની સ્થિતિ પૂરી કરે. એ જ પ્રમાણે એક સમય અધિક આયુષ્ય લઈને જન્મે. વચ્ચે વધારે આયુષ્ય એટલે, લાખ વર્ષનું આયુષ્ય લઈને જન્મે તેની ગણતરી ન કરવી. પછી બે સમય અધિક આયુષ્ય લઈને જન્મે એ જ પ્રમાણે અનુક્રમપૂર્વક તેત્રીસ સાગરોપમ સુધીનું આયુષ્ય પૂર્ણ કરે પણ વચ્ચે ઓછું-વધતું આયુષ્ય લઈને જન્મે તેની અહીં ગણતરી નથી. તત્ત્વજ્ઞાનનો વિરોધ કરે તેમ જ માયા–કપટ કરે તે તિર્યંચ થાય છે. એ તિર્યંચગતિનું જઘન્ય આયુ અંતમુહૂર્તનું છે. તેના જેટલા સમય છે તેટલીવાર જઘન્ય આયુનો ધારક થાય, પછી એક સમય અધિક અધિકના ક્રમથી તિર્યંચગતિનું ઉત્કૃષ્ટ ત્રણ પલ્યનું આયુ પૂર્ણ કરે, જે જુગલિયાં ઢોરનું આયુષ્ય હોય છે તે પૂરું કરે પણ વચ્ચે ઓછું-વધતું આયુ પામે તેની અહીં ગણતરી નથી.

એ જ પ્રમાણે સમૂર્ચ્છન મનુષ્યનું જઘન્ય આયુ અંતમુહૂર્તનું હોય છે ત્યાંથી માંડીને જુગલિયા મનુષ્યનું ઉત્કૃષ્ટ આયુ કે જે ત્રણ પલ્યનું છે તે પૂર્ણ કરે.

એ જ પ્રમાણે દેવગતિમાં ગયો ત્યાં જઘન્ય આયુ દસ હજાર વર્ષનું છે. તેના અસંખ્ય સમયો છે. તેટલીવાર જઘન્ય આયુ લઈને જન્મે. વચમાં મોટાં આયુષ્યવાળો થાય તે ગણતરીમાં ન લેવું. પછી એક સમય અધિક આયુવાળો થાય, એમ ગણતરી કરતાં ગ્રૈવેયકની ઉત્કૃષ્ટ એકત્રીસ સાગર સુધીની સ્થિતિ અનુક્રમે પૂર્ણ કરે તેને ભવપરાવર્તન કહે છે. નવ ગ્રૈવેયકની ઉપર ઉપજવાવાળો જીવ એક-બે ભવમાં જ મુક્ત થાય છે, તેથી તેને અહીં ગણ્યો નથી. એ ભવપરાવર્તનનો કાળ પણ અનંત છે.

આગળ ભાવપરાવર્તન કહે છે.

**મુનિ યત્નહીન આચારવંત છ કાયનો હિંસક કહ્યો;**
**જલકમલવત્ નિર્લેપ ભાખ્યો, નિત્ય યત્નસહિત જો. ૨૧૮. –શ્રી પ્રવચનસાર**

**परिणमदि सण्णिजीवो विविहकसाएहिं ट्ठिदिणिमित्तेहिं ।**
**अणुभागणिमित्तेहिं य वट्टंतो भावसंसारे ॥७१॥**

**અર્થ :—**ભાવસંસારમાં વર્તતો જીવ અનેક પ્રકારના કર્મોના સ્થિતિબંધ તથા અનુભાગબંધના કારણરૂપ અનેક પ્રકારના કષાયો સહિત સંજ્ઞીપંચેન્દ્રિયરૂપે પરિણમે છે. ૭૧.

ચૈતન્યના ભાન વિના અનંત સંસારમાં રખડે છે ને અનેક કર્મોનો સ્થિતિબંધ કરે છે. જીવે દયા–દાનાદિના પરિણામ, સાચા દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિના પરિણામ, વ્યવહાર રત્નત્રયના પરિણામ અનંતીવાર કર્યા તેને પણ ભાવસંસાર અથવા ભાવપરાવર્તન કહે છે.

ભાવાર્થ :–કર્મોની એક સ્થિતિબંધનના કારણરૂપ કષાયોના સ્થાનક અસંખ્યાત લોકપ્રમાણ છે, તેમાં એક સ્થિતિબંધ સ્થાનમાં અનુભાગ બંધના કારણરૂપ કષાયોનાં સ્થાન અસંખ્યાત લોકપ્રમાણ છે. ચૌદ બ્રહ્માંડનું સરખી રીતે ચોસલું બનાવે તેમાં છેલ્લું પાતળું ચોસલું તેને જગતશ્રેણી કહે છે. વળી યોગસ્થાન છે તે જગતશ્રેણીના અસંખ્યાતમાં ભાગે છે તેને આ જીવ પરિવર્તન કરે છે. તે કેવી રીતે? કોઈ સંજ્ઞી મિથ્યાદષ્ટિ પર્યાપ્ત જીવ પોતાને યોગ્ય સર્વ જઘન્ય જ્ઞાનાવરણ કર્મપ્રકૃતિની સ્થિતિ અંતઃક્રોડાક્રોડી સાગર પ્રમાણે બાંધે તેમાં કષાય સ્થાન અસંખ્યાત લોકમાત્ર છે, તેમાં સર્વ જઘન્યસ્થાન એકરૂપ પરિણમે, તેમાં એ એક સ્થાનમાં અનુભાગ બંધના કારણરૂપ સ્થાન એવા અસંખ્યાત લોકપ્રમાણ છે, તેમાંથી એક (સ્થાન) સર્વ જઘન્યરૂપ પરિણમે ત્યાં તેને યોગ્ય સર્વ જઘન્ય યોગસ્થાનરૂપ પરિણમે ત્યારે જ જગતશ્રેણીના અસંખ્યાતમા ભાગનાં યોગસ્થાન અનુક્રમથી પૂર્ણ કરે, પણ વચમાં અન્ય યોગસ્થાનરૂપ પરિણમે તે અહીં ગણતરીમાં નથી.

આ વાત સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય મળે તેમ નથી. સર્વજ્ઞે કહેલા તત્ત્વમાં જરા ફેર પાડે તો આખા તત્ત્વમાં ફેર પડી જાય છે. લોકો અન્યમત સાથે સમન્વય કરવા માગે છે પણ વીતરાગ માર્ગને ક્યાંય પણ અન્યમત સાથે મેળ ખાય તેમ નથી.

એ પ્રમાણે યોગસ્થાન પૂર્ણ થતાં અનુભાગસ્થાનનું બીજું સ્થાન પરિણમે ત્યાં પણ એ જ પ્રમાણે સર્વ યોગસ્થાન પૂર્ણ કરે, ત્યાર પછી ત્રીજું અનુભાગસ્થાન થાય ત્યાં પણ તેટલાં જ યોગસ્થાન ભોગવે. એ પ્રમાણે અસંખ્યાત લોકપ્રમાણ અનુભાગસ્થાન

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૩ ઉપર)

**દૈહિક ક્રિયા થકી જીવ મરતાં બંધ થાય—ન થાય છે,**
**પરિગ્રહ થકી ધ્રુવ બંધ, તેથી સમસ્ત છોડ્યો યોગીએ. ૨૧૯.** **–શ્રી પ્રવચનસાર**

# પાત્રદાનમાં વપરાય એ જ સાચું ધન છે

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

દેવ-ગુરુ-ધર્મના પ્રસંગમાં વારંવાર દાન કરવાથી ધર્મના સંસ્કાર તાજા રહ્યા કરે છે ને ધર્મની રુચિનું વારંવાર ઘોલન થતાં આગળ વધવાનું કારણ થાય છે....જે જીવ પાપકાર્યમાં તો ધન ઉત્સાહથી વાપરે છે ને ધર્મકાર્યમાં કંજુસાઈ કરે છે તેને ધર્મનો સાચો પ્રેમ નથી. ધર્મના પ્રેમવાળો ગૃહસ્થ સંસાર કરતાં વધારે ઉત્સાહથી ધર્મકાર્યોમાં વર્તે છે.

ગૃહસ્થનું જે ધન પાત્રદાનમાં વપરાય તે જ સફળ છે એમ કહીને દાનની પ્રેરણા આપે છે—

(शार्दूलविक्रीडित)

पात्राणामुपयोगी यत्किल धनं तत्धीमतां मन्यते
येनानन्तगुणं परत्र सुखदं व्यावर्तते तत्पुनः।
यद्भोगाय गतं पुनर्धनयतः तन्नष्टमेव ध्रुवं
सर्वासामिति सम्पदां गृहवतां दानं प्रधानं फलम्॥१५॥

અર્થ :—જે ધન પાત્રોના ઉપયોગમાં આવે છે તેને જ બુદ્ધિમાન મનુષ્ય શ્રેષ્ઠ માને છે કારણ કે તે અનંતગુણા સુખનું આપનાર થઈને પરલોકમાં ફરીથી પણ પ્રાપ્ત થઈ જાય છે. પરંતુ એનાથી વિપરીત જે ધનવાનનું ધન ભોગના નિમિત્તે નષ્ટ થાય છે તે નિશ્ચયથી નષ્ટ જ થઈ જાય છે અર્થાત્ દાનજનિત પુણ્યના અભાવમાં તે ફરી કદી પ્રાપ્ત થતું નથી. તેથી જ ગૃહસ્થોને સમસ્ત સંપત્તિઓના લાભનું ઉત્કૃષ્ટ ફળ દાનમાં જ પ્રાપ્ત થાય છે. ૧૫.

જે ધન સત્પાત્રદાનના ઉપયોગમાં આવે છે તે ધનને જ બુદ્ધિમાનો ખરેખર ધન સમજે છે, કેમકે સત્પાત્રમાં વપરાયેલું તે ધન પરલોકમાં અનંતગણું થઈને સુખ આપશે. પરંતુ જે ધન ભોગાદિ પાપકાર્યોમાં વપરાય છે તે તો ચોક્કસપણે નષ્ટ થઈ જાય છે. આ રીતે પાત્રદાન એ જ ગૃહસ્થની સમસ્ત સંપદાનું ઉત્તમ ફળ છે એમ સમજવું.

જુઓ, આવું સમજે એને પાપ-પરિણામ કેટલા ઓછા થઈ જાય! ને પુણ્ય-

**નિરપેક્ષ ત્યાગ ન હોય તો નહિ ભાવશુદ્ધિ ભિક્ષુને,**
**ને ભાવમાં અવિશુદ્ધને ક્ષય કર્મનો કઈ રીત બને? ૨૨૦.** **–શ્રી પ્રવચનસાર**

પરિણામ કેટલા વધી જાય ! અને છતાં ધર્મ તો એનાથી પણ જુદી ત્રીજી જ વસ્તુ છે. ભાઈ, પાપ ને પુણ્ય વચ્ચે તો વિવેક કર, કે સંસારના ભોગાદિને માટે જે કરું તે તો મને પાપબંધનું કારણ છે; ને ધર્મપ્રસંગમાં, ધર્માત્માના બહુમાન વગેરેને માટે જે કરું તે પુણ્યનું કારણ છે, ને તેના ફળમાં પરલોકમાંય એવી સંપદા મળશે. પણ ધર્માત્મા તો એ સંપદા પણ છોડીને, મુનિ થઈ, રાગરહિત એવા કેવળજ્ઞાનને સાધીને મોક્ષ પામશે. આમ ત્રણેનો વિવેક કરીને ધર્મી જીવ મુનિદશા ન થઈ શકે ત્યાં સુધી ગૃહસ્થપણામાં પાપથી બચીને દાનાદિ શુભકાર્યોમાં પ્રવર્તે છે.

શ્રી પદ્મનંદીસ્વામીએ દાનનો ખાસ જુદો અધિકાર પણ વર્ણવ્યો છે. (તેના ઉપર પણ અનેકવાર પ્રવચનો થઈ ગયા છે.) ભાઈ! સ્ત્રી આદિ માટે તું જે ધન ખર્ચે છે તે તો વ્યર્થ છે, પુત્ર-પુત્રીના લગ્ન વગેરેમાં ગાંડો થઈને ધન વાપરે છે તે તો વ્યર્થ છે, માત્ર વ્યર્થ નહિ પણ ઉલટું પાપનું કારણ છે. તેના બદલે હે ભાઈ! જિનમંદિર માટે, વીતરાગી શાસ્ત્રોને માટે તથા ધર્માત્મા-શ્રાવક-સાધર્મી વગેરે સુપાત્રોને માટે તારી જે લક્ષ્મી વપરાય તે ધન્ય છે. લક્ષ્મી તો જોકે જડ છે પણ તેના દાનનો જે ભાવ છે તે ધન્ય છે એમ સમજવું, કેમકે સત્કાર્યમાં જે લક્ષ્મી ખરચાણી તેનું ફળ અનંતગણું આવશે. એની દૃષ્ટિમાં ધર્મની પ્રભાવનાનો ભાવ છે એટલે આરાધકભાવથી પુણ્યનો રસ અનંતો વધી જાય છે. નવ દેવ કહ્યા છે—પાંચ પરમેષ્ઠી, જિનમંદિર, જિનબિંબ, જિનવાણી અને જિનધર્મ;—આ નવે પ્રકારના દેવ પ્રત્યે ધર્મીને ભક્તિનો ઉલ્લાસ આવે છે. જે જીવ પાપકાર્યોમાં તો ધન ઉત્સાહથી વાપરે છે ને ધર્મકાર્યોમાં કંજુસાઈ કરે છે. તો તે જીવને ધર્મનો સાચો પ્રેમ નથી; ધર્મ કરતાં સંસારનો પ્રેમ એને વધારે છે. ધર્મના પ્રેમવાળો ગૃહસ્થ પોતાની લક્ષ્મી સંસાર કરતાં વધારે ઉત્સાહપૂર્વક ધર્મકાર્યોમાં વાપરે છે.

ભાઈ! એક તો લક્ષ્મી મેળવવા માટે તેં અનેક પ્રકારે, લોભ, કૂટિલતા, કાળાબજાર, અસત્ય વગેરે પાપ કર્યા, અને તેનો ઉપયોગ પણ તું ભોગ વગેરે અશુભકાર્યોમાં જ કરે છે—તો તો તને ઉલટું પાપ બંધાય છે ને તારી લક્ષ્મી પણ નકામી જાય છે. માટે ઉત્તમદાનાદિ સત્કાર્યમાં તું લક્ષ્મીનો ઉપયોગ કર જેથી તારાં પાપ છૂટે ને લક્ષ્મીનું ઉત્તમ ફળ મળે, એટલે કે પરલોકમાંય તને સ્વર્ગાદિ સંપદા મળશે. અહીં પુણ્યનું ઉત્તમ ફળ બતાવવા સ્વર્ગસુખની વાત કરી છે, ધર્મીને કાંઈ સ્વર્ગના વૈભવની ભાવના નથી.

**આરંભ, અણસંયમ અને મૂર્છા ન ત્યાં—એ ક્યમ બને?**
**પરદ્રવ્યરત જે હોય તે કઈ રીત સાધે આત્મને? ૨૨૧.** **–શ્રી પ્રવચનસાર**

અરે, ચૈતન્યને સાધવા માટે જ્યાં સર્વસંગપરિત્યાગી મુનિ થવાની ભાવના હોય, ત્યાં લક્ષ્મીનો મોહ ન ઘટે એ કેમ બને? લક્ષ્મીમાં, ભોગોમાં કે શરીરમાં સુખબુદ્ધિ ધર્મીને હોતી નથી. આત્માનું સુખ એણે જોયું છે એટલે વિષયસુખોની તૃષ્ણા તેને તૂટી ગઈ છે.—જેમાં સુખ નહીં તેની ભાવના કોણ કરે? આ રીતે ધર્માત્માના પરિણામ ઘણાં કૂણાં હોય છે, તીવ્ર પાપભાવ એને હોતા નથી.

લોભીયાને માટે કાગડાનો દાખલો શાસ્ત્રકારે આપ્યો છે : બળેલી રસોઈના ઉકડિયા મળે ત્યાં કાગડો કા...કા...કરવા માંડે છે, ત્યાં અલંકારથી આચાર્ય કહે છે કે અરે, આ કાગડો પણ કા...કા... કરતો બીજા કાગડાને ભેગા કરીને ખાય છે, અને તું ? રાગવડે તારા ગુણ દાઝ્યા ત્યારે પુણ્ય બંધાયા ને તેના ફળમાં આ લક્ષ્મી મળી, આ તારા ગુણના દાઝેલા ઉકડિયાને જો તું એકલો-એકલો ખા ને સાધર્મીપ્રેમ વગેરેમાં તેનો ઉપયોગ ન કર, તો શું કાગડા કરતાંય તું નીચે ઊતરી ગયો? માટે હે ભાઈ, પાત્રદાનનો મહિમા જાણીને તું તારી લક્ષ્મીનો સદુપયોગ કર.

પ્રદ્યુમ્નકુમારે પૂર્વભવમાં ઔષધદાન કરેલું તેથી તેમને કામદેવ જેવું રૂપ તથા અનેક ઋદ્ધિઓ મળી હતી; લક્ષ્મણની પટ્ટરાણી વિશલ્યાદેવીએ પૂર્વભવે એક અજગરને અભયદાન કરેલું તેથી તેને એવી ઋદ્ધિ મળી હતી કે તેના સ્નાનના પાણી વડે લક્ષ્મણ વગેરેની મૂર્છા ઊતરી ગઈ. વજ્રજંઘ અને શ્રીમતીની વાત પણ પ્રસિદ્ધ છે, તેઓ આહારદાન વડે ભોગભૂમિમાં ઉપજ્યા હતા ને ત્યાં મુનિરાજના ઉપદેશથી સમ્યગ્દર્શન પામ્યા હતા; તેમના આહારદાનમાં અનુમોદન કરનારા ચારે જીવો (સિંહ, વાનર, નોળિયો ને ભૂંડ) પણ ભોગભૂમિમાં તેમની સાથે જ ઊપજ્યા ને સમ્યગ્દર્શન પામ્યા. જોકે સમ્યગ્દર્શન એ કાંઈ પૂર્વના શુભરાગનું ફળ નથી; પરંતુ સમ્યગ્દર્શન પામ્યા એટલે પૂર્વના રાગને પરંપરા કારણ પણ કહેવાય છે, એવી ઉપચારની પદ્ધતિ છે. દેવ-ગુરુ-ધર્મના પ્રસંગમાં વારંવાર દાન કરવાથી તને ધર્મના સંસ્કાર તાજા રહ્યા કરશે, ને ધર્મની રુચિનું વારંવાર ઘોલન થતાં તને આગળ વધવાનું કારણ થશે.

ધર્મના પ્રેમ સહિત દાનાદિનો જે ભાવ થયો તે પૂર્વે અનંતકાળમાં નહિ થયેલો એવો અપૂર્વ છે, ને તેના ફળમાં જે શરીરાદિ મળશે તે પણ અપૂર્વ છે કેમકે આરાધક ભાવ સહિતના પુણ્ય જેમાં નિમિત્ત હોય એવું શરીર પણ પૂર્વે અજ્ઞાનદશામાં કદી મળ્યું ન હતું. જીવના ભાવમાં અપૂર્વતા થતાં સંયોગોમાં પણ અપૂર્વતા થઈ ગઈ. સત્પાત્રમાં દાનના પ્રસંગે અંતરમાં પોતાને ધર્મની પ્રીતિ પોષાય છે તેની મુખ્યતા છે. તેની સાથેનો રાગ અને પુણ્ય પણ જુદા પ્રકારના હોય છે.—આ રીતે દાનનું ઉત્તમ ફળ જાણવું.

*



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

## પ્રવચન-૨

સ્વના વિસ્મરણે સંસાર છે ને પરના વિસ્મરણે મુક્તિ છે. પોતાના નિરુપાધિ અવિકારી સ્વભાવના વિસ્મરણમાં સંસાર છે ને નિર્દોષ ચૈતન્ય સ્વભાવના સ્મરણથી મુક્તિનો નાશ થાય છે. સ્વરૂપ ધ્રુવ જ્ઞાયક છે, તેના તરફ પરિણમ વાળવામાં જરા પણ ક્લેશ નથી. એ પરિણામ કોણ કરે ? તેનું સમાધાન કરે છે :—

આત્માના સ્વભાવના આનંદના પ્રકાશની વાત ટૂંકા સૂત્રોથી કરે છે. અનાદિકાળથી આ જીવ અવિદ્યામાં (મિથ્યાત્વમાં) પડ્યો છે. જેવો સ્વભાવ છે તેની સંભાળ નહિ લેતાં રાગની સંભાળ લીધી છે માટે અવિદ્યા કહી છે. જ્ઞાનાનંદ સ્વભાવ જે હયાતીવાળી ચીજ છે તેને ચૂકી ક્ષણિક વિકારને પોતાના માની બેઠો છે. જેમ સુતરમાં ગાંઠ પડે તેમ ચિદાનંદ આનંદકંદને ચૂકીને પુણ્ય-પાપના પરિણામ સાથે એકત્વની ગાંઠ પડી છે. પોતાનું એકત્વ ચૂકી વિકાર, વ્યવહાર ને વિકલ્પોને પોતાના માની એકપણાની સંધિની પ્રતીતિ કરી રહ્યો છે. જેમ અફીણના અમલમાં ચડેલો પુરુષ દુઃખ પામે છે પણ છૂટી શકતો નથી, કારણ કે કેફ ઘણો ચડ્યો છે તેને અફીણ વિના ચાલતું નથી. ખરેખર તો તેના છૂટવાથી ઠીક છે, અફીણથી છૂટવામાં કાંઈ દુઃખ નથી. અફીણના બંધાણીને બંધાણને લીધે અફીણ વિના ચાલતું નથી એમ માને છે તેથી તલપ લાગતાં તે અફીણ લઈ જ લે છે; તેમ આ જીવ મોહથી બંધાય છે. આત્મા જ્ઞાનસ્વભાવી હોવા છતાં પરમાં બંધાઈ રહ્યો છે. મોહથી છૂટવામાં સુખ છે છતાં છૂટતો નથી, અંતર્સ્વભાવ તરફની રુચિ કરતો નથી; કોઈ કર્મને લીધે રુચિ કરતો નથી—એમ કહ્યું નથી.

સ્વાશ્રિત તે નિશ્ચય, પરાશ્રિત તે વ્યવહાર છે; તેમાં વિવેક નથી તે અજ્ઞાની છે. અજ્ઞાની જીવો વ્યવહારથી ધર્મ માને છે ને નિશ્ચય માનવાથી એકાંત થશે તેમ કહે છે. વળી દેવની પૂજાથી સમકિત થાય, શાસ્ત્રથી જ્ઞાન થાય ને ગુરુની ભક્તિથી ચારિત્ર થાય—એમ અજ્ઞાની જીવો માને છે પણ એ બધો અજ્ઞાનભાવ છે. આત્માની પ્રતીતિપૂર્વક

ગ્રહણે વિસર્ગે સેવતાં નહિ છેદ જેથી થાય છે,
તે ઉપધિ સહ વર્તો ભલે મુનિ કાળક્ષેત્ર વિજાણીને. ૨૨૨. —શ્રી પ્રવચનસાર

સ્થિરતા કરે તો ચારિત્ર થાય, ગુરુ ચારિત્ર આપી દેતા નથી; ગુરુ પ્રત્યે રાગ આવે પણ તેથી ચારિત્ર થતું નથી. શાસ્ત્ર તરફનો શુભરાગ આવે પણ શુભરાગથી જ્ઞાન થતું નથી. વળી કોઈ કહે કે સાધકદશામાં દેવ, ગુરુ ને શાસ્ત્ર પ્રત્યે શુભરાગ આવતો જ નથી તો તે પણ ખોટો છે, છતાં તે શુભરાગ આવે માટે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે એમ પણ નથી. શુદ્ધ સ્વભાવ તરફની એકાગ્રતારૂપ અજમાયશ કરે તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય તેમ છે.

અનાદિથી પરાશ્રયની રુચિના કારણે પુણ્ય-પાપ વગેરે ભાવો પર્યાયમાં છે, તે છૂટતાં સુખથાય તેમ છે, પણ અજ્ઞાની વિકારીભાવોમાં સુખ માન રહ્યો છે. ભગવાન આત્મા નિરુપાધિ સ્વભાવ છે ને તેની પર્યાયમાં દોષ અથવા ઉપાધિ છે, તે બેની એકપણાની સંધિ છે, તેમાં પ્રજ્ઞાછીણી નાખવી એ જ દુઃખનો નાશ કરવાનો ઉપાય છે. પ્રજ્ઞાછીણી એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રદશા પ્રગટ કરવી એ જ સુખ પ્રગટ કરવાનો ઉપાય છે. તે ઉપાયને કહેનારા સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર છે. તે કહે છે કે સ્વભાવને વિભાવની સાથે એકત્વસંધાન થયું છે તે તોડીને પર્યાયને સ્વભાવ તરફ વાળવી.

શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ કહ્યું છે :—

“જે જે કારણ બંધના, તેહ બંધનો પંથ,
તે કારણ છેદકદશા, મોક્ષ પંથ ભવ અંત.”

બંધના કારણોને છેદવા એ જ મોક્ષનો પંથ છે.

ચેતનાના અંશને પોતાનો જાણે કે જેમાં જડ પદાર્થો અથવા વિકારાદિ ભાવ જે જડ છે તેનો પ્રવેશ નથી તેવા સ્વભાવને પોતાનો જાણે. તે કેવી રીતે તે કહીએ છીએ.

આ જીવ પરમાં પોતાનું સ્વરૂપ જાણે છે. આવા સંયોગો અને રાગાદિ હોય તો મને લાભ થાય એમ માને છે. તેથી કામ, ક્રોધ, રાગાદિને, શરીર વગેરેને પોતાના જાણે છે. પરને પોતાનું માનવું તે ભૂલ છે પણ આ જે જાણે છે તે જ્ઞાનની અવસ્થા જ્ઞાનીનો અંશ છે, ચૈતન્યસૂર્યનું કિરણ છે. રાગ-દ્વેષની લહેર ઊઠે તે ચૈતન્યની વાનગી નથી, તે વિકારની વાનગી છે, માટે નિજ પૂર્ણ જ્ઞાનાનંદ સ્વભાવની સ્વાનુભૂતિને ઓળખવી. પૂર્ણ જ્ઞાન તે જ હું છું એમ પોતાને ઓળખીને હજારો સંતો અજરઅમર થયા છે. ઓળખવામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી જાય છે.

**ઉપધિ અનિંદિતને, અસંયત જન થકી અણપ્રાર્થ્યને,**
**મૂર્છાદિજનનરહિતને જ ગ્રહો શ્રમણ, થોડો ભલે. ૨૨૩. –શ્રી પ્રવચનસાર**

સ્વસન્મુખ થયા વિના જરાય સાધકદશા હોય નહીં.

સાધકને વ્યવહાર આવવા છતાં વ્યવહાર તરફ વજન નથી. જ્ઞાની સ્વભાવ તરફ જોવાનું કહે છે. સ્વભાવને ઓળખીએ અજરઅમર થયા છે, વ્યવહાર કરીને થયા નથી.

પ્રશ્ન : શ્રાવકનાં છ કર્તવ્ય—દેવપૂજા, ગુરુની ઉપાસના, ભક્તિ, સ્વાધ્યાય, સંયમ, તપ તથા દાન શાસ્ત્રમાં કહે છે તેનો શો અર્થ?

સમાધાન : ખરેખર તો ધર્મીને પોતાના પૂર્ણ વીતરાગપદનો આદર છે, આત્માનું ભાન છે ને પોતાનું બહુમાન આવતા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ભક્તિભાવ આવ્યા વિના રહેતો નથી. તે ભાવ જ્ઞાનીને વ્યવહારે છે. સ્વભાવના ભાન વિના ષટ્કર્મ વ્યર્થ છે એટલે કે તેને વ્યવહાર કહેવાતા નથી.

અજ્ઞાની જીઓ શુભરાગરૂપ વ્યવહારથી આત્માની પ્રાપ્તિ થાય એમ માને તે વ્યવહારને ક્યારે છોડે? અહીં કહે છે કે આત્માના અરાગસ્વભાવને ઓળખી સંતો અજરાઅમર થયા છે. એ કહેવા માત્રથી જ ન મળે પણ સ્વભાવમાં અંતર્મુખ વીર્ય વાળે, પોતાના ચિત્તને જાણવા-દેખવાના સ્વભાવમાં અંતર્મુખ કરે એ જ સ્વરૂપ અનુભવનો વિલાસ છે. તેથી સ્વભાવની રુચિવાળો સુખમાં પેઠો છે, સંયોગ અને રાગની રુચિવાળો દુઃખમાં પેઠો છે.

કોઈ કહે કે આ નિશ્ચયની વાત છે, અપ્રમત્ત ગુણસ્થાનની વાત છે, તો કહે કે ભાઈ, આ ચોથા ગુણસ્થાનને પ્રગટ કરવાની વાત છે, નાનામાં નાની સત્યધર્મની શરૂઆત કેમ થાય તેની વાત છે, અજ્ઞાન ટાળી જ્ઞાન પ્રગટ કરવાની વાત છે. અજ્ઞાની અનાદિથી શુભભાવ તો કરતો જ આવ્યો છે, તે નવાઈ નથી.

સંતો પોતાના સ્વભાવમાં ચિત્તને ક્ષણભર રમાવે—એ કેવી રીતે? તે કહીએ છીએ.

સંતો નિરંતર પોતાના સ્વભાવની ભાવનામાં એટલે એકાગ્રતામાં મગ્ન રહે છે. તેઓ આત્માને અનુભવથી બતાવે છે. ચેતનાનો પ્રકાશ વ્યક્ત પર્યાયમાં આવે છે, તેને પોતાના સ્વભાવમાં દૃઢ કરે છે. જાણનાર-દેખનારનો પ્રકાશ પોતાનો છે. જ્યાં વિકાર છે ત્યાં જ્ઞાનપ્રકાશ છે, જ્ઞાનપ્રકાશ ન હોય તો વિકાર જણાય નહિ, માટે નિત્ય જ્ઞાનપ્રકાશને

**ક્યમ અન્ય પરિગ્રહ હોય જ્યાં કહી દેહને પરિગ્રહ અહો !**
**મોક્ષેચ્છુને દેહેય નિષ્પ્રતિકર્મ ઉપદેશે જિનો ? ૨૨૪. –શ્રી પ્રવચનસાર**

પકડી પોતામાં દૃઢ થાય. વિકાર વખતે જ્ઞાન ન હોય તો વિકારને જાણત કોણ? મને દયા થઈ આવી, ભક્તિનો ભાવ આવ્યો–એમ જ્ઞાનમાં જણાયું તે ઉપયોગ છે. ચૈતન્યસ્વભાવને અનુસરીને થતા પરિણામને ઉપયોગ કહે છે. રાગ કે વિકારને અનુસરીને તે પરિણામ થતા નથી. રાગરહિત સ્વભાવને અનુસરીને થતા પરિણામને ઉપયોગ કહે છે. તે ઉપયોગ દ્વારા અંતરમાં જવાય છે. દયાદાનાદિ ભાવ કે વ્યવહાર તે અંતરનું દ્વાર નથી. જ્ઞાનાનંદ ભગવાનની અવસ્થા જે જાણવા-દેખવાની છે તે દ્વારા દૃઢ ચિંતવન કરે અને એમ થતાં ચિત્-પરિણતિ નિજસ્વરૂપમાં પરિણમતાં સ્વરૂપરસ પ્રાપ્ત થાય છે, સ્વભાવમાં સ્થિરતા થતાં આનંદનો અનુભવ થાય છે.


દ્રવ્ય-ગુણ-પર્યાયને યથાર્થ અનુભવવા એ જ અનુભવ છે. અહીં અપેક્ષાએ કથન છે. દ્રવ્ય-ગુણનો અનુભવ નથી. દ્રવ્ય ગુણ ને પર્યાયનું યથાર્થ જ્ઞાન થવું તે જ અનુભવ છે. દ્રવ્ય અનંતી શક્તિનો પિંડ છે, ગુણ ત્રિકાળી શક્તિઓ છે, તેમાં અનુભવ ન હોય પણ પર્યાયમાં અનુભવ હોય. જ્ઞાનપર્યાય જાણી લ્યે છે. પર્યાય દ્રવ્યને જાણે તે બરાબર છે પણ એક સમયની પર્યાય અનુભવમાં આખા દ્રવ્યનો અનુભવ આવી જતો નથી. જ્ઞાનની પર્યાયમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેય જણાય પણ વેદન ત્રણેમાં ન હોય, વેદન પર્યાયમાં હોય. પર્યાય પર્યાયને જાણે તથા ગુણ ગુણવાનને જાણે એટલે દ્રવ્ય-ગુણ-પર્યાયને અનુભવવા એમ કહ્યું છે, એટલે કે ત્યાં આ ત્રણેયનું જ્ઞાન હોય છે.

જેટલા અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, મુનિ થયા એ આ જ અનુભવથી થયા છે ને થશે. દ્રવ્ય-ગુણ-પર્યાયને અર્થ કહે છે. તેનો ભાવ એટલે સ્વરૂપ તેને જેમ છે તેમ જાણવું તે યથાર્થ જ્ઞાન છે. જ્યાં સાચું જ્ઞાન છે તેમાં આત્માનો અનુભવ હોય પણ અયથાર્થ જ્ઞાનમાં સાચું વેદન હોઈ શકે નહિ. તે દ્રવ્ય-ગુણ-પર્યાયના અનુભવથી પંચ પરમગુરુ એટલે પંચપરમેષ્ઠી થયા છે ને થશે. તે આત્માનુભવ વડે થયા છે.

(ક્રમશઃ)

● જીવે પોતાના સહજ સુખસ્વરૂપ માટે એક ક્ષણ પણ ધીરો થઈને વિચાર કર્યો નથી. જો વિચાર કરે તો વસ્તુ બહુ જ સોંઘી ને સહેલી છે. પણ તીવ્ર જિજ્ઞાસા, ધગશ અને તાલાવેલી જોઈએ. આ સંસારનો રસ છૂટી જાય તો આત્મસ્વરૂપ જરૂર પ્રગટે.

**જન્મ્યા પ્રમાણે રૂપ ભાખ્યું ઉપકરણ જિનમાર્ગમાં,**
**ગુરુવચન ને સૂત્રાધ્યયન, વળી વિનય પણ ઉપકરણમાં. ૨૨૫. –શ્રી પ્રવચનસાર**



## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત ઉપર પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પ્રવચનો

### વચનામૃત–૨૬

અંદર આત્મદેવ બિરાજે છે તેની સંભાળ કર. હવે અંતરમાં જા, ને તૃપ્ત થા. અનંતગુણસ્વરૂપ આત્માને જો, તેની સંભાળ કર. વીતરાગી આનંદથી ભરેલા સ્વભાવમાં ક્રીડા કર. તે આનંદરૂપ સરોવરમાં કેલી કર—તેમાં રમણ કર. ૨૬.

**'અનંતગુણસ્વરૂપ આત્માને જો, તેની સંભાળ કર.'**

ભગવાન આત્મા માત્ર એક શક્તિરૂપ નથી; વસ્તુ હોય તે એક શક્તિરૂપ ન હોય; તેનામાં અનંત શક્તિઓ છે. પરમાણુ પણ અનંત શક્તિઓ સહિત છે. પરમાણુ પોતાના સ્પર્શ, રસ, ગંધ ને વર્ણ ગુણ પલટીને કોઈ દી અરૂપી થાય? એમ ભગવાન આત્મા જ્ઞાન, દર્શન ને આનંદ આદિ અનંત ગુણોનો ભંડાર પ્રભુ છે, એ બદલીને કોઈ દી રંગરૂપે થાય? જાણનાર પદાર્થ કોઈ દી અજાણ-પદાર્થ થાય? અને અજાણ-તત્ત્વ કોઈ દી જાણરૂપે થાય? અહા! તત્ત્વનું ન્યાયસંગતપણું તો જુઓ! જ્ઞાન આદિ અનંત ગુણોનો ભંડાર પ્રભુ! તું અંદરમાં છો. અનંતગુણવાળો નહિ, પણ અનંતગુણસ્વરૂપ છો. સ્વ સિવાય બીજા અનંત પર પદાર્થપણે તું નથી—એવા 'નાસ્તિ'ના અનંત ધર્મો તો છે જ; પણ જ્ઞાન, દર્શન, સુખ વગેરે 'અસ્તિ'રૂપ—ભાવરૂપ ગુણો પણ અનંત છે. નિજ તત્ત્વ શું છે તેને ભૂલીને બહારની—જગતની બધી વાતો કરી છે, પણ અંદરના ભગવાન આત્માની ખબરું કરી નથી. તેના બેહદ સ્વભાવની—જ્ઞાન બેહદ, દર્શન બેહદ, આનંદ બેહદ, ઈશ્વરશક્તિ બેહદ વગેરે અનંત અનંત શક્તિઓ ભરેલી છે એવા નિજ સહજ અસ્તિત્વની—કદી સંભાળ કરી નથી, તેને કદી જોયો નથી. એ પૂર્ણ સ્વભાવ દશામાં—હાલતમાં ભલે મર્યાદિત થઈ ગયો છે, તોપણ તેનું મૂળ સ્વરૂપ કદી મર્યાદિત થયું નથી, સદા બેહદ છે.

શુભ ને અશુભ ભાવ એ તો વિકાર છે. એ વિકાર રહિત અંદર વસ્તુ તો પરમ શાંત-શાંત છે. એક ક્રોધનો-વિકારનો અંશ કાઢી નાખે ને અંશે જે શાંતિ દેખાય, તે શાંતિનું ભરપૂર સ્વરૂપ જ એનું પોતાનું છે. એવા અનંત બેહદ ગુણોનો ખજાનો તું છો

આ લોકમાં નિરપેક્ષ ને પરલોક-અણપ્રતિબદ્ધ છે
સાધુ કષાયરહિત, તેથી યુક્ત આ'ર-વિહારી છે. ૨૨૬. –શ્રી પ્રવચનસાર

પ્રભુ! એને જો ને! તેની સંભાળ લે ને! અનંત કાળથી બહારની સંભાળ કરી કરીને તો મરી ગયો. સવાર-બપોર, ખાવું-પીવું ઇત્યાદિ શરીરની સંભાળ કરી કરીને પાછું દેહ છોડીને જાવું ક્યાંય ચોરાશીના અવતારમાં—અજાણ્યા ક્ષેત્રે, અજાણ્યા કાળે, અજાણ્યા ભાવે ને અજાણ્યા સંગમાં; કેમ કે જાણનાર ચમત્કારિક વસ્તુને—નિજ ચૈતન્યપ્રભુને જાણ્યા નહિ તેથી અજાણ્યા ક્ષેત્રે, કાળે, ભાવે ને સંગમાં ઊપજે છે. તેથી અહીં કહે છે : બાપુ! તું એની સંભાળ કર. તું રાગ ને પુણ્ય-પાપની સંભાળ રાખે છે, શરીર આદિ પરપદાર્થને આમ રહેવું જોઈએ ને આમ રાખવું જોઈએ એવા અન્ય માર્ગે ચડી ગયો છે; પણ તારી સંભાળ કરને પ્રભુ! કે તું કેટલો છો? કેવડો છો? અંદર તું છે ને? અને છે તો અંદર તારું સ્વરૂપ કેટલું–કેવડું છે? જે સ્વતંત્ર વસ્તુ છે અને જે આદિ-અંત વિનાની, અનંત ગુણથી ભરપૂર ધ્રુવ ચીજ છે, એ ધ્રુવ ચીજના સ્વભાવનું બેહદ સ્વરૂપ કેવું હોય? તેની સંભાળ કર ને! આવો ઉપદેશ છે, મારગ તો આવો છે.

**‘વીતરાગી આનંદથી ભરેલા સ્વભાવમાં ક્રીડા કર, તે આનંદરૂપ સરોવરમાં કેલી કર—તેમાં રમણ કર.’**

તને બહારની ચીજોમાં ક્ષણે ક્ષણે ભિન્ન ભિન્ન રાગથી મજા કલ્પાય છે એને ઠેકાણે તારું સ્વરૂપ જે વીતરાગી આનંદથી ભરેલું છે તેની સંભાળ કરીને તેમાં ક્રીડા—રમણતા કર ને! વીતરાગી આનંદથી ભરેલી વસ્તુ અંદર કેવી છે? વસ્તુ હોય તે સ્વયં દુઃખરૂપ ન હોઈ શકે—સ્વતઃ વિકૃત ન હોઈ શકે. વસ્તુ સ્વતઃ હોય તે સ્વભાવે અપૂર્ણ ન હોઈ શકે, અશુદ્ધ ન હોઈ શકે. સ્વતઃસિદ્ધ આત્મપ્રભુ અનંત શક્તિથી ને વીતરાગી પૂર્ણાનંદથી ભરેલો છે. એવા વીતરાગી આનંદમાં જા—વીતરાગી આનંદથી ભરેલા સ્વભાવમાં ક્રીડા કર.

ભાષા તો બહુ સાદી! અરે! પુસ્તક બહાર જશે તો લોકો વાંચશે તો ખરા! વાંચે-વિચારે તો ખરા!

વીતરાગી આનંદથી ભરેલી વસ્તુ જે છે તે સ્વતઃ અસ્તિરૂપ છે. તેની દશામાં પુણ્ય ને પાપના ભાવ કૃત્રિમ નવા-નવા આવે છે ને જાય છે. ‘આવે ને જાય’ એવા શુભાશુભ ભાવ વિનાની વસ્તુ જે છે...છે...ને છે, તે વીતરાગી આનંદસ્વરૂપ છે. અહા! આ કેમ બેસે? ગોળ—પરમાણુઓનો પિંડ જડ પદાર્થ—ગળપણના સ્વાદથી ભરેલો છે, એમ આ આત્મા અંદર ચૈતન્યના આનંદથી ભરેલો ભગવાન છે. તારી વર્તમાન

**આત્મા અનેષક તે ય તપ, તત્સિદ્ધિમાં ઉદ્યત રહી**
**વણ-એષણા ભિક્ષા વળી, તેથી અનાહારી મુનિ. ૨૨૭.** **–શ્રી પ્રવચનસાર**

પર્યાય બહાર જાય છે તેને અંદર આનંદસ્વરૂપમાં લઈ જા, ત્યાં ક્રીડા કર.

તે આનંદરૂપ સરોવરમાં કેલી કર—તેમાં રમણ કર. લોકો કેલી કરવા—ક્રીડા કરવા જાય છે ને બાગમાં? એમ તું તારા આત્મબાગમાં જા, ત્યાં આનંદ ખીલશે. આનંદનો નાથ તો અંદર છે બાપુ! ત્યાં નજર કર; ક્રીડા કરવાનું સ્થાન તો એ છે. ત્યાં તે આનંદરૂપ સરોવરમાં કેલી કર. અંદર આનંદરૂપી સરોવર ભર્યું પડ્યું છે; રાગ ને દ્વેષ તો નવા-નવા કૃત્રિમ થાય છે, અને આ અંદરનું તત્ત્વ તો જૂનું—અનાદિનું છે. એવા જ્ઞાન ને આનંદરૂપી સરોવરમાં કેલી કર, એટલે કે તેમાં રમણતા કર. તેથી તને આનંદ આવશે અને તારાં જન્મ-મરણ ટળી જશે; દુઃખ મટશે ને આનંદ થશે; એવો આ ભગવાન આત્મા આનંદનું સરોવર છે. તેમાં કેલી કરતાં—અંતરમાં જતાં—આનંદ આવશે.

---

(અનુસંધાન પેજ નં. ૧૩ થી ચાલુ)

અનુક્રમપૂર્વક પૂર્ણ કરે ત્યારે બીજું કષાયસ્થાન લેવું. ત્યાં પણ ઉપર કહેલા ક્રમપૂર્વક અસંખ્યાત લોકપ્રમાણ અનુભાગસ્થાન તથા જગતશ્રેણીના અસંખ્યાતમાં ભાગનાં યોગસ્થાન પૂર્વોક્ત ક્રમપૂર્વક ભોગવે, ત્યારે ત્રીજું કષાયસ્થાન લેવું. એ પ્રમાણે ચોથું-પાંચમું-છઠ્ઠું આદિ અસંખ્યાત લોકપ્રમાણ કષાયસ્થાન પૂર્વોક્ત ક્રમપૂર્વક પૂર્ણ કરે ત્યારે એક સમય અધિક જઘન્યસ્થિતિ લેવું. તેમાં પણ કષાયસ્થાન, અનુભાગસ્થાન અને યોગસ્થાન ઉપર કહેલા ક્રમપૂર્વક ભોગવે; એ પ્રમાણે બે સમય અધિક જઘન્યસ્થિતિથી માંડીને ત્રીસ–ક્રોડાક્રોડી સાગર સુધી જ્ઞાનાવરણીય કર્મની સ્થિતિ પૂર્ણ કરે. એ પ્રમાણે સર્વ મૂળ કર્મપ્રકૃતિઓ તથા ઉત્તર કર્મપ્રકૃતિઓનો ક્રમ જાણવો. જેટલી જેની સ્થિતિ હોય તે પ્રમાણે લેવું. જ્ઞાનાવરણની ૩૦ ક્રોડાક્રોડીની, દર્શનમોહનીયની ૭૦ ક્રોડાક્રોડીની, ચારિત્રમોહનીયની ૪૦ ક્રોડાક્રોડીની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. એમ પ્રકૃતિ દીઠ સ્થિતિમાં ફેર છે.

એ રીતે પરિણમતાં પરિણમતાં અનંતકાળ વ્યતીત થાય છે તેને એકઠો કરતાં એકભાવ પરાવર્તન થાય, એવા અનંત ભાવપરાવર્તન આ જીવ ભોગવતો આવ્યો છે. જીવ અનેક પ્રકારનાં કર્મ બાંધતો આવ્યો છે, તેની મુદતમાં ફેર છે તથા અનુભાગમાં ફેર છે.

આ પ્રમાણે ભાવપરાવર્તન સમજવું.

**કેવલશરીર મુનિ ત્યાંય 'મારું ન' જાણી વણ-પ્રતિકર્મ છે,**
**નિજ શક્તિના ગોપન વિના તપ સાથ તન યોજેલ છે. ૨૨૮. –શ્રી પ્રવચનસાર**

# ભેદવિજ્ઞાનનો મહિમા

**(૧૨) બાહ્યત્યાગી...પણ અધર્મી**

અજ્ઞાની પોતે ખાવા-પીવાનો, વસ્ત્રનો, પૈસાનો ઈત્યાદિ રાગ છોડી શકતો નથી તેથી બીજા કોઈ અજ્ઞાનીને બહારમાં વસ્ત્ર, પૈસા, આહાર વગેરેનો ત્યાગ દેખીને 'તેણે ઘણું કર્યું અને તે મારા કરતાં ઊંચો છે' એમ માની બેસે છે; પરંતુ તે જીવ પણ બહારમાં ત્યાગી હોવા છતાં અંતરમાં અજ્ઞાનનું મહાપાપ સેવી રહ્યો છે, તેથી તે પણ તેની જ જાતનો છે. અંતરની ઓળખાણ વગર બહારથી માપ કાઢે તે સાચા ન આવે.

**(૧૩) બાહ્ય અત્યાગી...પણ...ધર્માત્મા**

ઉપર જેમ ત્યાગી—અજ્ઞાનીનું દૃષ્ટાંત કહ્યું, તેમ તેનાથી ઊલટું અત્યાગી—જ્ઞાની વિષે સમજવું. જ્ઞાની ગૃહસ્થદશામાં હોય અને રાગ પણ હોય, છતાં તેને અંતરમાં સર્વ પરદ્રવ્યો પ્રત્યે ઉદાસભાવ વર્તે છે, રાગનું પણ સ્વામીત્વ માનતા નથી, તે ધર્માત્મા છે. જે જીવ આવા ધર્માત્માને અંતર ઓળખાણ વડે ઓળખે નહિ અને બહારથી માપ કાઢે તે જીવ આત્માને સમજ્યો નથી. જેઓ અંતરમાં આત્માની પવિત્રદશા સમજતા નથી તેઓ એકલા જડના સંયોગ ઉપરથી માપ કાઢે છે. સંયોગ ઉપરથી તો ધર્મી-અધર્મીનું માપ નથી, પરંતુ રાગની મંદતા ઉપરથી પણ ધર્મી-અધર્મીનું માપ નથી. ધર્મી-અધર્મીનું માપ તો અંતર-અભિપ્રાય ઉપરથી છે.

બાહ્યત્યાગી અને મંદરાગી હોવા છતાં જે બંધભાવને પોતાનું સ્વરૂપ માને છે તે અધર્મી છે. અને બાહ્યમાં રાજપાટના સંયોગ હોય અને રાગ વિશેષ ટળ્યો ન હોય છતાં અંતરમાં બંધભાવથી ભિન્ન પોતાના સ્વરૂપનું ભાન છે તે ધર્મી છે. શરીરની ક્રિયાથી, બહારના ત્યાગથી કે રાગની મંદતાથી જેણે આત્માની મહત્તા માની તેણે શરીરથી ભિન્ન, સંયોગથી રહિત અને વિકાર રહિત એવા આત્મસ્વભાવનું ખૂન કર્યું છે તે મહાપાપી છે. સ્વભાવની હિંસાનું પાપ સૌથી મોટું છે.

બહારનો ઘણો ત્યાગ અને ઘણો શુભરાગ કરીને એમ માને કે હવે આનાથી મારી મુક્તિ થઈ જશે; પણ ભાઈ રે ! તેં આત્માના ધર્મનો રસ્તો જ હજી જાણ્યો નથી,

**આહાર તે એક જ, ઊણોદર ને યથા-ઉપલબ્ધ છે,**
**ભિક્ષા વડે, દિવસે, રસેચ્છાહીન, વણ-મધુમાંસ છે. ૨૨૯.**　　　**–શ્રી પ્રવચનસાર**

તો પછી મુક્તિ તો ક્યાંથી થાય? અંતરસ્વભાવના જ્ઞાન વગર અંતરની શાંતિ નહિ આવે, અને વિકારભાવની આકુળતા નહિ ટળે.

**(૧૪) સમ્યગ્જ્ઞાન એ જ મુક્તિનો સરળ માર્ગ છે.**

આત્માનો સ્વભાવ સમજવાનો પંથ સીધો—સરળ છે. સાચો માર્ગ જાણીને ધીમે ધીમે ચાલવા માંડે તોપણ માર્ગ કપાય, પરંતુ માર્ગ જાણ્યા વગર આંખે પાટા બાંધીને ઘાંચીના બળદની જેમ ગમે તેટલું ચાલે તોપણ ફરી ફરીને હતો ત્યાં ને ત્યાં જ ઊભો રહે. તેમ સ્વભાવનો સરળ માર્ગ છે તે જાણ્યા વિના જ્ઞાનચક્ષુઓ બંધ કરીને ગમે તે આડું-અવળું કર્યા કરે અને મેં ઘણું કર્યું એમ માને, પણ જ્ઞાનીઓ કહે છે કે ભાઈ, તેં કાંઈ નથી કર્યું, તું સંસારમાં ને સંસારમાં જ ઊભો છે, જરાય આગળ વધ્યો નથી. વિકાર રહિત તારા જ્ઞાનસ્વરૂપને તેં જાણ્યું નથી એટલે તારું ગાડું દોડાવીને બહુ તો અશુભમાંથી શુભ કરીને તેમાં તું ધર્મ માની લે છે, પરંતુ એ તો ફરી ફરીને પાછો ત્યાં ને ત્યાં વિકારમાં જ ઊભો રહ્યો; વિકારચક્રમાં આંટા માર્યા, પરંતુ વિકારથી છૂટીને જ્ઞાનમાં આવ્યો નહિ, તો તેં શું કર્યું?

જ્ઞાન વગર ગમે તેટલો રાગ ઘટાડે કે ત્યાગ કરે, પરંતુ સાચી સમજણ વગર તેને સમ્યગ્દર્શન તો થશે નહિ અને મુક્તિમાર્ગ તરફ તો નહિ જાય, પરંતુ વિકારમાં અને જડની ક્રિયામાં કર્તૃત્વનો અહંકાર કરીને સંસારમાર્ગમાં દુર્ગતિમાં ધસી પડશે. સાચા જ્ઞાન વગર કોઈ પણ રીતે આત્માની મુક્તદશાનો માર્ગ હાથ આવે નહિ. જેમણે આત્મભાન કર્યું તેઓ ત્યાગ કે વ્રત કર્યા વગર પણ એકાવતારી થઈ ગયા, જેમ કે રાજા શ્રેણિક.

**(૧૫) સંસારનું મૂળ**

આત્માના સ્વભાવનો માર્ગ સરળ હોવા છતાં કેમ નથી સમજાતો? તેનું કારણ એ છે કે અજ્ઞાનીને અનાદિથી આત્મા અને રાગના એકપણાનો વ્યામોહ છે, ભ્રમ છે, ગાંડપણ છે. જેને અંતરમાં રાગરહિત સ્વભાવની દૃષ્ટિનું જોર છે તે આત્માના અનુભવની સાચી પ્રતીતને લીધે એકાદ ભવે મોક્ષ જશે, અને જેને આત્માની સાચી પ્રતીત નથી એવો અજ્ઞાની બીજી અનેક શુભક્રિયાઓ કરે તોય આત્માના ભાન વગર એક પણ ભવ ઘટે નહિ કેમ કે તેને આત્મા અને રાગના એકપણાનો વ્યામોહ છે તે વ્યામોહ જ સંસારનું મૂળ છે. (ક્રમશઃ) ❊

**વૃદ્ધત્વ, બાળપણા વિષે, ગ્લાનત્વ, શ્રાંત દશા વિષે,**
**ચર્યા ચરો નિજયોગ્ય, જે રીત મૂળછેદ ન થાય છે. ૨૩૦.　　–શ્રી પ્રવચનસાર**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—પૂર્વના પુણ્યોદયે મનુષ્યભવ મળ્યો, જૈનધર્મ મળ્યો, ગુરુદેવના અને આપના ભેટા થયા, હવે અમારા પુરુષાર્થને વેગ મળે એવો મંત્ર આપો કે જેથી કરીને અમે પાર ઊતરી જઈએ.

પૂજ્ય બહેનશ્રી :—મંત્ર તો ગુરુદેવે આપ્યો છે કે તું પોતે ભગવાન આત્મા છો, તેને ઓળખ. તે કરવાનું છે. તું પોતે જ સ્વયં ભગવાન છો. અનાદિકાળથી પર્યાયમાં અશુદ્ધતા હોવા છતાં તારામાં તેનો પ્રવેશ થયો નથી. તું દ્રવ્ય સ્વભાવે શુદ્ધાત્મા છો તેને ઓળખ, કરવાનું આ છે. દ્રવ્ય શું છે ? પર્યાય શું છે ? શુદ્ધતા શું છે ? અશુદ્ધતા શું છે ? તે ઓળખવાનો પ્રયત્ન કર. પણ તે અંદર પુરુષાર્થ કરે તો થાય, પોતાને અંદરથી એટલી લગની–જિજ્ઞાસા લાગવી જોઈએ. ગુરુદેવે તો ચોખ્ખો મંત્ર બતાવ્યો છે કે તું ભગવાન છો, જ્ઞાયક છો. તું શુદ્ધ છો તેને તું ઓળખ. આ બહારમાં અટકી રહ્યો છે, પણ આ શુભાશુભભાવો તારું સ્વરૂપ નથી. તું જાણનારો છો. કોઈ પર્યાય માત્રમાં અટકીશ નહિ, તું શાશ્વત દ્રવ્ય છો.

પ્રશ્ન :—'પૂર્ણતાને લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે.' તેમાંથી આશંકા એવી ઉત્પન્ન થાય છે કે કોઈ જીવ આ ભવમાં મારે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું છે એમ સમ્યગ્દર્શનનું ધ્યેય રાખીને જ્ઞાયક આત્માનો આશ્રય કરવા માંગે તો શું તેને શરૂઆત ન થાય ?

પૂજ્ય બહેનશ્રી :—સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું છે તે લક્ષ રાખે, તે ભાવના કરે તે બરાબર છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે આગળ જતાં સમ્યગ્દર્શન કોનો આશ્રય લે છે તે જ્યાં તેને ખ્યાલ આવે છે ત્યાં સાથે પૂર્ણતા અને અંશનું સ્વરૂપ બધું જ્ઞાનમાં આવ્યા વગર રહેતું નથી. અનાદિકાળથી સમ્યગ્દર્શન પ્રગટ થયું નથી, પણ જેને સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય તેને પૂર્ણ ધ્યેય આવ્યા વગર રહેવાનું નથી. તેની પ્રાપ્તિમાં તે ધ્યેય આવવાનું જ છે. ભાવના ભલે સમ્યગ્દર્શનની કરતો હોય; પણ તે સમ્યગ્દર્શનની પર્યાય જે પ્રગટ થાય છે તેમાં પૂર્ણતાનું ધ્યેય અને પૂર્ણતાનો આશ્રય સાથે આવે છે.

## બાળ વિભાગ

## જો....જો! રત્ન ફેંકી દેશો નહિ

એક માણસ દરિયા કિનારે બેઠો હતો.

એના હાથમાં અચાનક એક થેલી આવી. અંધકારમાં થેલીના પાંચિકા સાથે તે રમત કરવા લાગ્યો, એક પછી એક પાંચિકો લઈને સમુદ્રમાં ફેંકવા લાગ્યો....ફેંકતાં–ફેંકતાં છેલ્લો પાંચિકો હાથમાં લઈને જ્યાં ફેંકવા જાય છે ત્યાં તો કોઈ સજ્જન પુરુષે અવાજ કર્યો–સબુર ! સબુર ! ફેંકી દઈશ નહિ....તારા હાથમાં છે તે પથ્થર નથી, એ તો ઘણું કિંમતી રત્ન છે !

થોડો પ્રકાશ થયો હતો, સજ્જનના વચન ઉપર વિશ્વાસ લાવીને પ્રકાશમાં તે માણસે હાથમાં રહેલ વસ્તુ સામે જોયું, અને તે આભો જ બની ગયો....ઝગઝગાટ કરતું મહાન રત્ન તેના હાથમાં હતું. તે વિચારવા લાગ્યો–અરેરે, હું કેવો મૂર્ખો ! આવાં રત્નોની તો આખી થેલી ભરી હતી, ને મેં અજ્ઞાનપણે મૂર્ખાઈથી રમત રમતમાં તે બધાંય રત્નો ફેંકી દીધા....અરેરે ! હાથમાં આવેલ અમૂલ્ય નિધાનને અજ્ઞાનથી હું ગુમાવી બેઠો !—આમ તે રુદન કરવા લાગ્યો.

ત્યારે સજ્જને તેને કહ્યું : ભાઈ ! તું મુંઝા મા ! તું બધું નથી હારી બેઠો....હજુ પણ એક રત્ન તારા હાથમાં છે. તે રત્ન પણ એવું કિંમતી છે કે જો તું તેની કિંમત સમજીને બરાબર સદુપયોગ કર તો આખી જીંદગી તને સુખ-સમ્પત્તિ મળી રહેશે, આ એક રત્નથી પણ તારું કાર્ય સરી જશે. માટે જે રત્નો ગયાં તેનો અફસોસ છોડીને, હજી જે રત્ન હાથમાં છે તેનો સદુપયોગ કરી લે. 'જાગ્યા ત્યાંથી સવાર' (તે માણસે હાથમાં બચેલાં એક રત્નનો સદુપયોગ કર્યો ને તુ સુખી થયો.)

વીર બંધુઓ ! આ વાત કોની છે–ખબર છે ? બીજા કોઈની નહિ પણ તમારા પોતાના જીવનની જ આ વાત છે.

'હેં !' જી....હા ! સાંભળો–

તમે આ સંસારસમુદ્રના કિનારે બેઠા છો. હજી જ્ઞાનસૂર્ય ઊગ્યો નથી એટલે અંધારું છે.

**જો દેશ-કાળ તથા ક્ષમા-શ્રમ-ઉપધિને મુનિ જાણીને**
**વર્તે અહારવિહારમાં, તો અલ્પલેપી શ્રમણ તે. ૨૩૧. –શ્રી પ્રવચનસાર**

જેમ તે માણસના હાથમાં રત્નભરેલી થેલી આવી, તેમ તમને આ સંસારમાં ઘણી–ઘણીવાર રત્નચિંતામણિ જેવા મનુષ્ય–અવતાર મળ્યા. પણ તે મનુષ્ય–અવતારમાં શું કરવા જેવું છે–તેના ભાન વિના, બેભાનપણે વિષય–કષાયોની રમતમાં ને રમતમાં તમે મનુષ્યભવરૂપી રત્નને સંસારના દરિયામાં ફેંકી દીધું, એક પછી એક–એમ અનંતા મનુષ્યભવને દરિયામાં ફેંકી દીધા.....ને વ્યર્થ ગુમાવ્યા. છતાં હજી આ અમૂલ્ય મનુષ્યભવ તમારા હાથમાં છે, ને તમે તે વિષય-કષાયમાં ફેંકી દેવા તૈયાર થયા છો....

જ્ઞાની સંતો તમને સાદ પાડીને કહે છે કે સબુર ! સબુર ! આ મનુષ્યભવને વિષય–કષાયોમાં ફેંકી ન દેશો...આ મનુષ્ય–અવતાર કાંઈ વિષય–કષાયો માટે નથી, આ મનુષ્ય–અવતાર તો આત્માનું અપૂર્વ કલ્યાણ કરવા માટે ચિંતામણિ રત્ન સમાન છે. તમારું હિત કરવાનો અવસર હજી તમારા હાથમાં છે,–જો...જો ફેંકી ન દેશો !

જૈનધર્મના સત્ય દેવ-ગુરુ ઉપર જેને વિશ્વાસ છે જેને મુમુક્ષુપણાનો કંઈક પ્રકાશ જાગ્યો છે એવો જિજ્ઞાસુ જીવ, જ્યાં પોતાના જીવનનો (અનંતભવનો) વિચાર કરે છે ત્યાં તે આભો બની જાય છે કે અરે ! કેટલા બધા ભવ મેં નકામા ફેંકી દીધા ? આ મનુષ્ય અવતારમાં આવા મજાના દેવ-ગુરુ-ધર્મ મને મળ્યા છે–તે અમૂલ્ય રત્નો છે, મારા હાથમાં આવાં રત્નો આવ્યાં છે. હજી મનુષ્યભવમાં હિતનો અવસર છે. તો હવે આ અવસરને હું પાપમાં નહીં ગુમાવું. અરેરે, મેં કેવી મૂર્ખાઈ કરી કે આટલા બધા ભવો અજ્ઞાનપણે મૂર્ખાઈથી મેં રાગ-દ્વેષની રમતમાં નકામા ગુમાવી દીધા !

સંત જ્ઞાની કહે છે : હે ભાઈ ! તું મુંઝા મા ! હજી તું બધું નથી હારી બેઠો...હજી પણ જૈનધર્મનું રત્ન તારા હાથમાં છે....તે રત્ન એવું કિંમતી છે કે, તું તેની કિંમત બરાબર સમજીને સદુપયોગ કર, એટલે કે તેમાં કહ્યા પ્રમાણે ઉત્તમ આચરણ વડે જીવાદિ તત્ત્વોનું સ્વરૂપ સમજ, તો આખી જીંદગી ને ભવિષ્યમાં સદાકાળ તને આત્માની અપૂર્વ શાંતિ મળશે. અનંતભવનું સાટું આ એક ભવમાં મળી જશે. તારા હાથમાં રહેલો આ એક ભવ પણ આત્માની સાધના અર્થે વીતાવ તો તારું અપૂર્વ કલ્યાણ થઈ જશે. માટે જે ભવો વીત્યા તેનો અફસોસ છોડીને હજી ધર્મનો જે અવસર અત્યારે તારા હાથમાં છે તેનો ઉત્તમ સદુપયોગ કરી લે. ‘જાગ્યા ત્યાંથી સવાર.’

**શ્રામણ્ય જ્યાં ઐકાગ્ર્ય, ને ઐકાગ્ર્ય વસ્તુનિશ્ચયે,**<br>**નિશ્ચય બને આગમ વડે, આગમપ્રવર્તન મુખ્ય છે. ૨૩૨.** **–શ્રી પ્રવચનસાર**

### જડાવબેન નાનાલાલભાઈ જસાણીની
### સુપુત્રી શ્રીમતી અનુબેન ડો. કાંતિભાઈ શેઠ પરિવાર-મુંબઈ તથા
### સમ્યક્ત્વજયંતી મહોત્સવના સ્થાયી પુરસ્કર્તાઓ દ્વારા
### અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં વિશેષ આનંદોલ્લાસસહ સંપન્ન,
## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૮૪મો
# ❀ સમ્યક્ત્વજયંતી મહોત્સવ ❀

આ સમ્યક્ત્વજયંતી મહોત્સવ પૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૨૯-૩-૨૦૧૬ થી તા. ૨-૪-૨૦૧૬ સુધી પંચદિવસીય ભવ્ય સમારોહપૂર્વક, અનેક વિશેષતાઓ સહ અત્યંત ભક્તિભાવપૂર્વક ઊજવવામાં આવ્યો હતો. આ મહોત્સવમાં ભાગ લેવા માટે દેશ-વિદેશના મુમુક્ષુઓ સુવર્ણપુરીમાં એકત્ર થયા હતા. આ ઉત્સવાર્થે સ્વાધ્યાયમંદિરના પાછળના ભાગમાં મંડપ બાંધવામાં આવ્યો હતો. આયોજકો તરફથી ''શ્રી ચૌસઠ ઋદ્ધિ મંડલ વિધાન''નું માંડલું અત્યંત સુંદરરૂપે બનાવવામાં આવ્યું હતું.

### * ઉત્સવનો દૈનિક કાર્યક્રમ *

આ મંગલ મહોત્સવમાં પ્રતિદિન ક્રમશઃ સવારે પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીનું માંગલિક, પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા, પરમાગમમંદિરમાં શ્રી ચૌસઠ ઋદ્ધિ મંડલ વિધાન, વિવિધ બેનરોથી શોભિત મંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર ઉપર **CD** પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિશેષ ભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્ર પ્રવચન, સમૂહ જિનેન્દ્રભક્તિ (સાંજી-ભક્તિ), ધાર્મિક શિક્ષણવર્ગ, રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીનું બહેનશ્રીનાં વચનામૃત ઉપર પ્રવચન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરે ગતિવિધિઓપૂર્વક દૈનિક ક્રમ ચાલતો હતો. ઉત્સવના બધા જ કાર્યક્રમોમાં મુમુક્ષુઓએ ઘણા જ ઉત્સાહથી લાભ લીધો હતો.

આયોજક શ્રીમતી અનુબેન ડૉ. કાંતિભાઈ શેઠ, પરિવાર તરફથી ઉત્સવના દિવસોમાં જિનેન્દ્રભક્તિ(સાંજી-ભક્તિ)નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

આ ઉત્સવમાં દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા તૈયાર કરવામાં આવેલ પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચાની ઓડિયો સીડી.નું વિમોચન સૌજન્યદાતા સ્વ. સુભદ્રાબેન નગીનદાસ કચરાલાલ શાહ પરિવાર હસ્તે અલ્કેશભાઈના તથા બ્ર. શ્રી વજુભાઈ અને ટ્રસ્ટના પ્રમુખશ્રી હસમુખભાઈ વોરાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું.

### * પૂજ્ય બહેનશ્રીની વધાઈ *

તા. ૨-૪-૨૦૧૬ને શનિવારના દિવસે મંડપમાં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ તેમની મંગલ વધાઈનો વિશેષ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે વઢવાણ ભજન મંડળીએ મધુર ભક્તિગીતોથી વાયુમંડળને ભક્તિમય તથા અત્યંત રોચક બનાવી દીધું હતું.

આ મંગલ અવસર પર ધાર્મિક શિક્ષણ વર્ગ તથા બપોરનાં શાસ્ત્રપ્રવચન ડૉ. પ્રવીણભાઈ દોશી (રાજકોટ), શ્રી રાજુભાઈ કામદાર (રાજકોટ), શ્રી રમેશભાઈ મહેતા (સોનગઢ), શ્રી નિરંજનભાઈ (સુરત), શ્રી વિરાટભાઈ વોરા (અમદાવાદ) દ્વારા સ્વાધ્યાય કરાવવામાં આવ્યો હતો.

આ મહોત્સવના આયોજકો તથા સ્થાયી પુરસ્કર્તાઓ દ્વારા ભોજન વ્યવસ્થા તથા આવાસ વ્યવસ્થા સુંદર રીતે કરી હતી. ❑ ❑ ❑

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી પંચાસ્તિકાયસંગ્રહ) |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | અષ્ટપ્રાભૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

### પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૭મી જન્મજયંતીની મંગલ પત્રિકા લેખનવિધિ સંપન્ન

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ૧૨૭મી જન્મજયંતી મહોત્સવની નિમંત્રણ પત્રિકા લેખનવિધિ તા. ૧–૪–૨૦૧૬, શુક્રવારના રોજ સાનંદ સંપન્ન થઈ હતી. સવારે વિધાન પૂજન બાદ સર્વે મુમુક્ષુ ભાઈ–બહેનો બોરીવલી ટ્રસ્ટના પ્રમુખ શ્રી નવીનભાઈ પોપટલાલ શાહના નિવાસસ્થાને ગયા હતા. ત્યાં પત્રિકાના વધામણા સહ ભક્તિ કરવામાં આવી હતી. ત્યારબાદ ત્યાંથી વાજતે–ગાજતે મંગલ પત્રિકા મંડપમાં લાવવામાં આવી હતી. બાદ પત્રિકાનું વાંચન બોરીવલી મુમુક્ષુમંડળ વતી શ્રી જયેશભાઈ પોપટલાલ શાહે કર્યું હતું. ત્યારબાદ પત્રિકાની લેખનવિધિ અનેક મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં ભક્તિસહ સાનંદ સંપન્ન થઈ. આ પ્રસંગે શ્રી બોરીવલી મુમુક્ષુ મંડળને ખૂબ જ ઉત્સાહ વર્તતો હતો.

### ✻ સમવસરણ મંદિરનો હીરક જયંતી (૭૫મો વાર્ષિક પ્રતિષ્ઠા દિવસ) મહોત્સવ ✻

વૈશાખ વદ ૬ના રોજ સોનગઢના શ્રી સમવસરણ મંદિરનો હીરકજયંતી મહોત્સવ (૭૫મો વાર્ષિક) શ્રી નારણદાસ કરશનજી શાહ પરિવાર, સુરેન્દ્રનગર તથા શ્રી ચંદુલાલ શીવલાલ સંઘવી પરિવાર, અમદાવાદના સૌજન્યથી તા. ૨૫-૫-૨૦૧૬, બુધવારથી તા. ૨૭-૫-૨૦૧૬ શુક્રવાર સુધી ત્રિદીવસીય મહોત્સવ વિવિધ અનુષ્ઠાન સહિત ઊજવવામાં આવશે. આ પ્રસંગે પધારવા સૌને હાર્દિક નિમંત્રણ છે.

**✻ સ્વાધ્યાય-મંદિરના ઉદ્‌ઘાટનનો તેમ જ તેમાં પરમાગમ શ્રી સમયસારની સ્થાપનાનો ૭૯મો વાર્ષિક દિવસ :** તા. ૨૯-૫-૨૦૧૬, વૈશાખ વદ ૮, રવિવારના દિવસે સોનગઢના સ્વાધ્યાય-મંદિરના ઉદ્‌ઘાટનનો તેમ જ તેમાં પરમાગમ શ્રી સમયસારની સ્થાપનાનો ૭૯મો વાર્ષિક દિવસ પૂજા-ભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઊજવવામાં આવશે.

**✻ શ્રુતપંચમી પર્વ :** જેઠ સુદ ૫ તા. ૯-૬-૨૦૧૬ને ગુરુવારના દિવસે શ્રુતપંચમી પર્વ શ્રી ષટ્‌ખંડાગમ જિનવાણીની પૂજા-ભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઉજવવામાં આવશે.

## (૩૫)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

### (જીવના ભાવ સંબંધી પ્રશ્નોત્તર)

(૧) સાદિ–સાંત ભાવ ક્યો ? .......................

(૨) ધર્મી ન હોય તે જીવને ક્યા ભાવ હોય ? ૧................ ૨...................

(૩) ધર્માત્માને ક્યા ભાવો હોય ? .......................

(૪) કુંદકુંદાચાર્યને ક્યા ભાવો હશે ?
..............................................................................

(૫) ભરતક્ષેત્રના ધર્માત્માને અત્યારે ક્યા ભાવો હોય ?
૧ ..................... ૨ ................. ૩ ................ ૪ ...................

(૬) વિદેહક્ષેત્રના ધર્માત્માને ક્યા ભાવો હોય ? .......................

(૭) ૧૪ મા ગુણસ્થાને ક્યા ભાવો હોય ?
૧ ..................... ૨ ................... ૩ .....................

(૮) ૧૩મા ગુણસ્થાને ક્યા ભાવો હોય ?
૧ ..................... ૨ ...................... ૩ .....................

(૯) ૧૨મા ગુણસ્થાને ક્યા ભાવો હોય ?
૧.................... ૨.................. ૩................... ૪....................

(૧૦) ૧૧મા ગુણસ્થાને ક્યા ભાવો હોય ? .......................

(૧૧) પહેલા ગુણસ્થાને હોય ને ૧૪મા ગુણસ્થાને ન હોય–એ ક્યો ભાવ ?
........................

(૧૨) પહેલા ગુણસ્થાને હોય ને ૧૪ માં ગુણસ્થાને પણ હોય એ ક્યો ભાવ ?
૧....................... ૨.......................

(૧૩) પહેલા ગુણસ્થાને ન હોય અને ૧૪મા ગુણસ્થાને પણ ન હોય એ ક્યો ભાવ ?
૧.......................

(૧૪) સંસારદશામાં સળંગ રહેનાર ભાવ ક્યો ? .......................

(૧૫) આવ્યા પછી કદી જાય નહિ–એ ક્યો ભાવ ? .......................

(૧૬) જ્ઞાનનો ક્ષાયિકભાવ કઈ ગતિમાં હોય ? .......................

(૧૭) શ્રદ્ધાનો ક્ષાયિકભાવ કઈ ગતિમાં હોય ? .......................

(૧૮) ચારિત્રનો ક્ષાયિકભાવ કઈ ગતિમાં હોય ? .......................

(૧૯) શ્રદ્ધાનો ક્ષયોપશમભાવ કઈ ગતિમાં હોય ? .......................

(૨૦) જ્ઞાનનો ક્ષયોપશમભાવ કઈ ગતિમાં હોય ?

....................... ....................................................................

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્નો એપ્રિલ-૨૦૧૬ના ઉત્તરો

(૧) (૧) ૧૨ થી (૨) ૧૪

(૨) સિદ્ધ ભગવાનને ક્ષાયિક અને પારિણામિક ભાવ

(૩) ઉપશમશ્રેણીમાં આરૂઢ ક્ષાયિક સમ્યગ્દષ્ટિને પાંચે ભાવ લાગુ પડે છે.

(૪) ૧૪ ગુણસ્થાનથી પાર એવું સિદ્ધપદ

(૫) ના

(૬) હા

(૭) ના (મોક્ષમાં જ જાય)

(૮) હા

(૯) ક્ષયોપશમભાવ

(૧૦) ક્ષાયિકભાવ

(૧૧) ઉપશમ—ક્ષયોપશમ—ક્ષાયિક

(૧૨) ઉપશમ અથવા ક્ષાયિક

(૧૩) (૧) ઉપશમ, (૨) ક્ષયોપશમ, (૩) ઉદયભાવ (૪) પારિણામિકભાવ

(૧૪) આઠેયમાં

(૧૫) આઠેયમાં

(૧૬) મોહનીયનો એકનો જ

(૧૭) ચાર ઘાતીકર્મનો

(૧૮) પારિણામિકભાવ

(૧૯) ક્ષાયિકભાવ

(૨૦) (૧) ઉદય (૨) ક્ષયોપશમ

## (૩૫)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(કૌંસમાં આપેલ ત્રણ વિકલ્પમાંથી સાચો ઉત્તર ગોતીને ખાલી જગ્યા ભરો.)

(૧) મહાવીર ભગવાનનું પ્રથમ નામ .................. હતું. (સન્મતિ, વીર, વર્દ્ધમાન)

(૨) છ દ્રવ્યોમાં અનાદિ અનંત કાયમને માટે શુદ્ધ દ્રવ્યો .............. છે. (ચાર, છ, બે)

(૩) ધારણા એ ................. જ્ઞાનનો પ્રકાર છે. (મતિ, શ્રુત, અવધિ)

(૪) પંચ પરમેષ્ઠીના ગુણોમાં અનુરાગ સહિતના ઉપયોગને ............... કહે છે. (શુદ્ધ, શુભ, અશુભ)

(૫) જ્ઞાનાવરણીયાદિ કર્મોને .................... કહે છે. (દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ)

(૬) ................. ની ભક્તિના પ્રભાવથી તેની નેત્રજ્યોતિ પરત આવેલ. (ઉમાસ્વામી, પૂજ્યપાદસ્વામી, અકલંકદેવ)

(૭) આહારદાનમાં ................... કથા પ્રસિદ્ધ છે. (સત્યઘોષ, શ્રીવારિષેણ, શ્રીષેણ રાજા)

(૮) ઉપશમ સમ્યક્ત્વના ..................... ભેદ છે. (ત્રણ, ચાર, બે)

(૯) દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેયના ક્ષેત્ર .................. છે. (એક, ત્રણ, અલગ)

(૧૦) આયુકર્મનો ઉદય ................. ગુણસ્થાન સુધી હોય છે. (૧થી ૧૩, ૧ થી ૧૪, ૧ થી ૧૨)

(૧૧) દેશવિરત એ ..................... ગુણસ્થાન છે. (ત્રીજું, પાંચમું, આઠમું)

(૧૨) ............... ના વ્રતતપને બાળવ્રત અને બાળતપ કહે છે. (શ્રાવક, મુનિ, અજ્ઞાની)

(૧૩) ગોત્રકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ................. કોડાકોડી સાગરની છે. (૨૦, ૩૩, ૭૦)

(૧૪) સોલહકારણ ભાવનામાં રત્નત્રયના ધારક પુરુષો પ્રત્યે ભક્તિભાવ તેને .................... કહે છે. (સાધુ સમાધિ, બહુશ્રુત ભક્તિ, વિનય સંપન્નતા)

(૧૫) બાર પ્રકારના તપમાં બીજા પ્રકારનું તપ ................ છે. (અવમૌદર્ય, અનશન, રસ પરિત્યાગ)

(૧૬) પાંચ પરમેષ્ઠીમાં ................ પરમેષ્ઠી મન સહિત છે. (ત્રણ, ચાર, પાંચ)

(૧૭) પાંચ સમિતિમાં પ્રથમ સમિતિનું નામ .................. સમિતિ છે.

(ભાષા, ઈર્યા, પ્રતિષ્ઠાપન)

(૧૮) અનાદિ મિથ્યાદષ્ટિ જીવને સૌપ્રથમ .................... સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે.

(ક્ષાયોપશમિક, ઔપશમિક, ક્ષાયિક)

(૧૯) વેદનીય કર્મનો બંધ .................... ગુણસ્થાન સુધી હોય છે.

(૧ થી ૧૩, ૧ થી ૧૨, ૧ થી ૧૪)

(૨૦) ચૌદમા કુલકર .................... સમ્યક્ત્વના ધારક હોય છે.

(ક્ષાયિક, ઔપશમિક, ક્ષાયિક)

# બાળકો માટેના આપેલ
# પ્રશ્ન એપ્રિલ–૨૦૧૬ના ઉત્તર

| | | | |
|---|---|---|---|
| (૧) | મોક્ષ | (૧૧) | વ્યુત્સર્ગ |
| (૨) | કાળ | (૧૨) | ક્ષાયિક |
| (૩) | સંજ્ઞી | (૧૩) | જંબૂસ્વામી |
| (૪) | ૭ દિવસ | (૧૪) | ૬ |
| (૫) | અગુરુલઘુત્વ | (૧૫) | ૬ |
| (૬) | ત્રણ | (૧૬) | શ્રી કુંદકુંદ |
| (૭) | ચારિત્ર | (૧૭) | વાદિરાજ |
| (૮) | નય | (૧૮) | સલ્લેખના |
| (૯) | સમયસાર | (૧૯) | ધર્મધ્યાન |
| (૧૦) | ૩૩ | (૨૦) | અયોધ્યા |

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

● જયધવલમાં આવે છે કે, થાંભલાની એક હાંસ—પહેલ ખ્યાલમાં આવતાં આખો થાંભલો ખ્યાલમાં આવી જાય છે તેમ મતિજ્ઞાન કેવળજ્ઞાનનો અવયવ છે. તેથી તે એક અંશનું જ્ઞાન થતાં કેવળજ્ઞાનની પ્રતીત આવી જાય છે. ૧૫૭.

● પ્રશ્ન :—સમ્યગ્દષ્ટિનો ઉપયોગ પરમાં હોય ત્યારે સ્વપ્રકાશક છે ?

ઉત્તર :—સમ્યગ્દષ્ટિનો ઉપયોગ પરમાં હોય ત્યારે પણ (જ્ઞાન) સ્વપ્રકાશક છે પણ ઉપયોગરૂપ પરપ્રકાશક વખતે ઉપયોગરૂપ સ્વપ્રકાશક ન હોય અને ઉપયોગરૂપ સ્વપ્રકાશક હોય ત્યારે ઉપયોગરૂપ પરપ્રકાશક ન હોય પણ જ્ઞાનનો સ્વભાવ તો સ્વપરપ્રકાશક જ છે. ૧૫૮.

● પ્રશ્ન :—ચૈતન્યતત્ત્વનો રસ લગાડવાથી શું લાભ થાય ?

ઉત્તર :—ચૈતન્યતત્ત્વનો રસ લગાડવાથી આત્મામાં સંસ્કાર પડે છે. સંસ્કાર દૃઢ થાય છે. ૧૫૯.

● પ્રશ્ન :—સંસ્કારથી લાભ થાય ?

ઉત્તર :—ભેદજ્ઞાનના સંસ્કાર દૃઢ થતાં થતાં ફડાક દઈને સ્વાનુભવ થઈ જાય છે. ૧૬૦.

● પ્રશ્ન :—એકદમ આત્મામાં કેમ જવાય ?

ઉત્તર :—રાગથી જુદો પડતાં એકદમ આત્મામાં જવાય છે. આ હું નહીં, આ હું નહીં, રાગ તે હું નહીં ને આ જ્ઞાનમૂર્તિ તે જ હું એમ અંદર ચાલતાં ચાલતાં આત્મામાં આવી જવાય છે. પણ એ વાતો બહુ આકરી છે. અલૌકિક છે. છતાં અંદર પ્રયત્નથી થઈ શકે તેવી છે. ૧૬૧.

● દરેક દ્રવ્યની પર્યાય તેના સ્વકાળે ષટ્કારકથી સ્વતંત્ર જ પરિણમે છે. આ સૂક્ષ્મ વાત છે. જૈનદર્શન વસ્તુસ્થિતિનું વર્ણન કરે છે. ૧૬૨.

● પ્રશ્ન :—આત્મા જાણવાની કોશિશ કરીએ છીએ છતાં જાણવામાં કેમ નથી આવતો ?

ઉત્તર :—સાચી કોશિશ કરી નથી. કોશિશ ઊંધી કરે છે. પુણ્યમાં એકતા કરે છે. રાગમાં એકતા કરી લાભ માને છે. વ્રતાદિમાં લાભ માની અભિમાન કરે છે. એ બધી વિપરીતબુદ્ધિ છોડીને જ્ઞાયકમૂર્તિ આત્માની સન્મુખ દેખે ત્યારે આત્મા જાણવામાં આવે છે. ૧૬૩.

આત્મધર્મ
મે-૨૦૧૬
અંક-૯ ● વર્ષ-૧૦

Posted at Songadh PO
Publish on 1-5-2016
Posted on 1-5-2016

Registered Regn. No. BVR-367/2015-2017
Renewed upto 31-12-2017
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org